Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૨૯ • તા. ૧૬ જુલાઈ ૨૦૧૮ થી ૨૨ જુલાઈ ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCS/217/2018-20



# પારોલા તીર્થે ચાતુર્માસ પ્રસંગે પૂજ્ય મહારાજ સાહેબશ્રીઓનો મંગલ પ્રવેશ








## હાર્દિક અભિનંદન



**અ.સૌ. હર્ષાબેન ઉદયન શાહ**

મુલુંડ - મોટી સિંધોડી

વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૧ના સમયકાળ માટે
શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન -
મોટી સિંધોડીના પ્રથમ મહિલા પ્રમુખા તરીકે સર્વાનુમતે
વરણી થયેલ છે. જ્ઞાતિ, ગચ્છ તથા ગામના દરેક કાર્ય
ઉત્કૃષ્ટ રીતે પાર પડે અને કુટુંબ તથા ગામનું નામ
રોશન કરે એવી અભ્યર્થના !

**પ્રકાશ સમીક્ષા સમિતિ**



**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ઉદયન લાલજી લોડાયા

**અંક નં. 29/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

## પ્રથમ જ્ઞાતિ સંમેલન પ્રમુખ
## શ્રી ભવાનજી અરજણ ખીમજીનું પ્રવચન ૧૯-૧૦-૧૯૪૭

**(ઉક્ત પ્રવચનના કેટલાક અંશો આજે ૭૦ વર્ષ પછી તુલનાત્મક દૃષ્ટિએ પણ પ્રસ્તુત છે)**

તા. ૧૭ મીએ સંમેલનનું અધિવેશન શરૂ થયું અને આજે તેની પૂર્ણાહૂતિ થાય છે. કાર્યવાહી ઉપરથી આપ જોઇ શકશો કે નિરાશાવાદીઓની બધી શંકાઓ ખોટી પડી છે. આપણી કોમમાં ઘણાય મતભેદો હોય પરંતુ જ્યારે તે એકત્ર મળે છે ત્યારે એક સંપીલી થઇ કાર્ય સફળ કરીને જ જંપે છે. અલબત્ત વખતો વખત ગરમી આવે છે. પરંતુ તે શાંત થાય છે અને આપણો સંપ વધે છે.

સમયની મર્યાદા હોઇ તથા ઘણા ઠરાવો-લગભગ ૨૭ વિચારવાના હોઇ મારે કેટલાક ભાઇઓને નિરાશ કરવા પડ્યા હશે. આટલી લાંબી કાર્યવાહી આટલા સમયમાં પૂરી થશે કે કેમ એની મને બીક રહ્યા જ કરતી હતી. છતાં હું ધારૂં છું કે મેં મારાથી બનતી રીતે દરેક ભાઇને બોલવાની અને પોતાના વિચારો છૂટથી રજૂ કરવાની તક આપી છે, તેમ ઇરાદા પૂર્વક કાઇને અટકાવવા કે તેનું સ્વમાન ઘવાય તેવું કશું કર્યું નથી. ચર્ચા દરમિયાન સમયના અંગે મેં કોઇ ભાઇ ઉપર કંઇ અંકૂશ મૂક્યો હોય તો તે કેવળ ફરજ રૂપે જ હતો.

આ અધિવેશનના નફાતોટાનો હિસાબ જોતા મને તો નફો જ દેખાય છે. ૩૪ વર્ષ પહેલાં કચ્છ પૂરતું મર્યાદિત રહી આપણું સમસ્ત મહાજન તે સમયની રીત મુજબ મળ્યું હતું. ત્યાર બાદ હાલાર, દેશાવર અને મુંબઇનું સંપૂર્ણ પ્રતિનિધિત્વવાળું સમસ્ત મહાજન મળવાનો આ પહેલો જ પ્રસંગ છે. અને તે માટે આપણે જેટલી મગરૂરી અને ગૌરવ લઇએ તેટલું ઓછું છે.

આપણી સિદ્ધિઓમાં પ્રથમ અગત્યની સિદ્ધિ મધ્યસ્થ મહાજન સ્થાપી, આપણી કોમને આધુનિક જમાનાનું બંધારણ આપ્યું છે અને પ્રતિનિધિત્વનો લોકશાહી હક્ક મેળવાયો છે. આ કંઇ ઓછી કમાણી કે મગરૂરીનો વિષય નથી.

ચર્ચાઓ દરમિયાન, જેમ બીજી સંસ્થાઓમાં બને છે તેમ આપણે ત્યાં પણ ગરમીનું ધોરણ જરા ઊંધું નીચું થયું છે, પરંતુ એકંદર ચર્ચાનું ધોરણ ભવ્ય કક્ષાનું જળવાયું છે તે ખૂબ આનંદ પામવા જેવી છે. આપણે ધાર્મિક, આર્થિક, કેળવણી અને આરોગ્ય વિષયક તેમજ સામાજિક અને હુન્નર ઉદ્યોગની ખિલવણી વિષે વિવિધ ઠરાવો કર્યા છે. આમાંય આપણા નોકરી કરતા બંધુઓ માટે આપણા શ્રીમંત વેપારી વર્ગને પૂરતો પગાર, જરૂરી રજાઓ, વર્ષોની નોકરીના પ્રમાણમાં બદલો આપવાની ભલામણનો ઠરાવ ખાસ નોંધ માગે છે. આજે વર્ગ વિગ્રહનો જમાનો છે. કિસાનો અને મજદૂરોમાં વર્ગ વિગ્રહની ભાવના જન્મી છે. તે પ્રમાણમાં હજી નોકરી કરતા મધ્યમ વર્ગમાં નથી જાગી. વળી ભવિષ્યમાં લેબર વેલ્ફેર બિલ જેવાં ધોરણો સરકાર જ કરશે અને તેની રૂએ, ફરજ પડે તે પહેલાં અનુકૂળ યોજના કરવાની અને સંમેલનના આ ઠરાવને અત્યારથી વફાદારીથી પાળવાની મારી આપણા વેપારી બંધુઓને આગ્રહભરી વિનંતી છે.

સામાજિક સુધારણા અંગે આપણે બહુ જાણવા-જોગ કરી શક્યા નથી. પરંતુ જ્યાં સુધી મધ્યસ્થ મહાજન સમિતિ ન નિમાય ત્યાં સુધી એ પ્રશ્નને કાર્ય-સાધક રીતે છણી શકાય તેવી સ્થિતિ જ નથી. આપણા કેટલાક યુવાન બંધુઓ સામાજિક સુધારણાના ઠરાવો લાવ્યા હતા. પરંતુ તેમને ઉપર જણાવેલ પરિસ્થિતિ સમજાવતાં તેમણે તે સુધારણાના ઠરાવો માટે આગ્રહ ન કરવાનું સ્વીકાર્યું હતું. આ સંયમ અને શિસ્ત જાળવવા માટે હું એ યુવાન બંધુઓને મુબારકબાદી આપું છું. હું એમને ખાત્રી આપું છું કે બંધારણ બરોબર અમલમાં આવશે પછી જમાનાને યોગ્ય સુધારા દાખલ થતાં જરા પણ વખત નહિ લાગે.

હું આપણા ખેતીમાં રસ લેતા ભાઇઓને તથા હુન્નર ઉદ્યોગ કરવા માંગતા ભાઇઓને જરૂરી નાણાંનું સાધન મળી રહે તે માટે કોઓપરેટિવ ક્રેડિટ સોસાયટી સ્થાપવા આપને આગ્રહ કરું છું.

આપણે આપણાં નારી સમાજને સીધા ઠરાવથી નહિ તો પણ મહાસમિતિમાં ચૂંટાઇ આવવા જેટલી સગવડ કરી આપી છે તે આપણા સમાજમાં પ્રગતિશીલ પગલું છે. ભવિષ્યમાં એમને પુરૂષ જેટલો જ સામાજિક હક્ક મળશે એવી મારી ખાત્રી છે.

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સકલુઝીવ ડ્રેસ માટે

Since 1982...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229




| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | |

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

બંધારણ ઘડીને તો આપણે પાયો નાખ્યો છે. તે પૂરવાનો અને તેના ઉપર મજબૂત ચણતર કરવાનું છે. અહીં પધારેલા પ્રતિનિધિ બંધુઓને પોતપોતાના મહાજનને સંમેલનની કાર્યવાહી સમજાવી આ બંધારણને તુરત અમલમાં મૂકવાની યોજના કરવા મારી વિનંતિ છે. દેશ દેશાવરોમાંથી આવેલા કેટલાક ભાઇઓની શક્તિ જોઇ મને આનંદ થયો છે.

હું મારી મર્યાદાઓ સમજું છું અને દરરોજ મારી શક્તિનું માપ કાઢું છું. તેમ ન કરું તો વખાણથી મારું માથું ખોઇ બેસું. અહીં મારાં ખૂબ વખાણ કરવામાં આવ્યા છે. મારાથી પ્રતિનિધિઓના સાથ, સહકાર અને ડહાપણ વગર કંઇ ન બની શક્યું હોત. એમનો હું, આપેલા સહકાર માટે આભાર માનું છું. આપે મારા તરફ બતાવેલ પ્રેમને હું ઇશ્વરનો આશિર્વાદ ગણું છું.

---

**મહિલા ઉત્કર્ષ સંજીવની શક્તિ પરબ**

**સર્જન હારેજો સર્જન નારી, સચેં આય અજબ !**
**સુશીલ સંસ્કારી નારી મેં, શક્તિ છુપાયેલીયે ગજબ !**
**જે નારી શક્તિજો પરિચય ડેતી, સંસ્થા સંજીવની પરબ;**
**કલા જાગૃતિ જિનજી જજી, તીંય ઘર ભને સ્વરગ.**
**સંગઠન કરતા સન્નારીયેં કે, જિજ્જા જિજ્જા અભિનંદન;**
**'રશ્મિન' ચેં ધન્ય માવરૂ, ધન્ય ! આં મીણીજા જીવન.**

**– રશ્મિન ખોના (મુંભઇ)**

**કલર પેજ જાહેરાતો માટે સૂચના**

'પ્રકાશ-સમીક્ષા'ના રંગીન પાનાં ચાર (૪)ના ગુણાંકમાં છપાતા હોવાથી પુણ્યતિથિ કે જન્મ-લગ્ન-જયંતિને લગતી જાહેરાતો અઠવાડીયા પહેલાં મોકલાશે તો તે બધી જાહેરાતોનો સમયસર સમાવેશ કરવામાં અમને આર્થિક કારણોસર મુશ્કેલ બને છે. આ પ્રકારની જાહેરાતો માટે ત્રણેક અઠવાડીયા પહેલાં અમને જાણ કરાશે તો જ સુગમતા રહેશે. તેવી જ રીતે શ્રધ્ધાંજલિ અને અભિનંદનની બધી જાહેરાતોને પણ તે જ અઠવાડીયાના આગામી અંકમાં પ્રગટ કરવાનું હંમેશા શક્ય બનતું નથી. તેમજ કલર કે અન્ય જાહેરાતો માટે કોઈ ચોક્કસ પાનાનો કે સેન્ટર પેજનો અથવા અગાઉથી બુકીંગ કરવા માટે આગ્રહ રાખવો નહીં. જે સપ્તાહે ચાર (૪)ના ગુણાંકની સંખ્યાના પાનાની કલર જાહેરાતો મળશે તેટલી સંખ્યાની જાહેરાતો જ પ્રગટ કરવાનું શક્ય બનશે, તેની નોંધ લેવા અને સહકાર આપવા વિનંતિ.

**– વ્યવસ્થાપક**

## ટ્રસ્ટો માટે મ્યુચલ ફંડ

આપણી જ્ઞાતિના અનેકો નાના/મોટા ચેરીટેબલ ટ્રસ્ટો છે. આ બધા ટ્રસ્ટો પોતાના ફંડસ, બેંકોની ફીક્સ ડીપોઝીટમાં રોકાણ કરતા હોય છે. છેલ્લા બે વર્ષથી બેંકોની ડીપોઝીટના વ્યાજ દર બહુ ઓછો થયા છે અને તે કારણે ટ્રસ્ટોની આવકોમાં મહતમ ઘટાડો આવે છે.

આ સંજોગોમાં ટ્રસ્ટીઓએ વિચારણા કરી મ્યુચલ ફંડના સલાહકારોની સલાહ લઇ સારા ફંડમાં રોકાણ કરવાનું વિચારવું જોઇએ. જેથી ટ્રસ્ટની આવકમાં વધારો થઇ શકે. ઇન્કમટેક્ષના કાયદા મુજબ જે મ્યુચલ ફંડમાં રોકાણ કરી શકાય તેનું લીસ્ટ આવકવેરા ના સેક્શન ૩૫ માં આપેલ છે. તે આની સાથે મોકલું છું.

– ઠાકરશી મે. ગોશર

**SECTION 10 (23D) : MUTUAL FUND**

**Notified Mutual Funds :**

• SBI Mutual Fund and Canbank Mutual Fund set up by the State Bank of India and Canara Bank, respectiverly - Notification : No. SO 1064(E) dated 18-11-1989.

• LIC Mutual Fund-Notification : SO 477(E), dated 22-6-1989.

• The India Magnum Fund N.V. Mutual Fund set up by State Bank of India - Notification : No. SO 750(E), dated 21-9-1989.

• Indian Bank Mutual Fund set up by Indian Bank - Notification : No. SO 268(E), dated 29-3-1990.

• PNB Mutual Fund set up by Punjab National Bank - Notification : No. SO 577(E), dated 20-7-1990.

• BOI Mutual Fund set up by Bank of India - Notification : No 578(E), dated 20-7-1990.

• Asian Converibles and Income Fund set up by State Bank of India - Notification : No. 778(E), dated 11-10-1990

• GIC Mutual Fund set up by the General Insurance Corporation of India - Notification : No.SO 151(E), dated 28-2-1991

• Canbank (Offshore) Mutual Find set up by the Canara Bank - Notification : No SO 20(E), dated 8-1-1992.

• BOB Mutual Fund set up by the Bank of Baroda - Notification : No SO 122 (E), dated 24-2-1993.

## के.डी.ओ. वेबसाइट में अपनी पूरी अपडेट जानकारी के साथ जन्म तारीख और मोबाइल नम्बर भी अवश्य डाले

के.डी.ओ. वेबसाईट व नए वस्ती पत्रक में टेलीफोन नंबर और जन्म तारीख नहीं दी जा रही है उसे जानबूझ कर प्रायवेट लिख कर छुपाया गया है और ऐसा न करने के लिए समाज जनों को समझाने के स्थान पर ऐसा करने के लिए प्रेरित भी किया गया और प्रायवेट लिखने की रुटीन भी बनाइ गइ है ऐसा होने की वजह से कितना कष्ट और उलझने पेश आ रही है, ऐसा क्युं किया गया है ? पुछने पर जवाब मिलता है कि ऐसा सुरक्षा कारणों से किया गया है पंरतु समझ में नही आता कि समाज के अंदर कौन से ऐसे सुरक्षा खतरे हैं जिनकी वजह से यह कदम उठाया गया है । इस कदम को उठाने से समाज जनों को कइ तरह से प्रायोगिक रुप से भारी कठिनाई का सामना करना पड रहा है क्योंकि सभी जानते हैं की वस्ती पत्रक और समाज की वेबसाईट में एक तो हम बिना पासवर्ड के एंटर नहीं कर सकते दुसरा उसमें केवल केडीओ समाजजन ही एंटर कर सकते है । तीसरा जो सबसे मुख्य कारण है की वस्ती पत्रक हो या वेबसाईट हो इनका ९९ प्रतिशत उपयोग शादी विवाह के कार्यो के लिए किया जाता है और तब ही इन्हें उपयोग में लिया जाता है ऐसे समय में जब इनके उपयोग की आवश्यकता होती है तब यह सुरक्षा कारणो की वजह से टेलीफोन नंबरो का ना मिल पाना जन्म तारीख का ना मिल पाना काफी परेशानी का कारण बनता है और इसकी वजह से काफी मुश्किल उठाना पडती है एक टेलीफोन नंबर को जानने के लिए कितने लोगों से पुछना पडता है उन सभी को परी कहानी सुनाना पडती है, वाया वाया ८–१० लोगों में बात करने के बाद आप उस व्यक्ति का टेलीफोन नंबर प्राप्त कर पाते है । समाज में सभी जानते हैं की वैसे ही बच्चो के संबंधो में सगपण मे कितनी कठिनाइ और उलझन पेश आ रही हैं जब की छोटा सा मुठ्ठीभर हमारा समाज एक दुसरे को वाया वाया कर सभी जानते है । फिर यह ठराव–छुपाव और सुरक्षा कारण का मनघडंत कारण सामने रखकर या टेलीफोन नंबर और आप समाजजनों को जाने अनजाने परेशान कर रहे हैं परेशानी में डाल रहें है इस पर कृपया अच्छी अहमियत दे और समाज के लिए सरलता और सुगमता बनाने का हर संभव प्रयास करें यही आशा और अपेक्षा है ।

यह भी कहा गया है कि यह सदस्यों के विवेक पर भी छोडा गया है परन्तु ऐसे मामलो में सभी एक दुसरे को फॉलो करते है उन्हें समझाया जा सकता था अभी भी समझाया जा सकता है समझाया जाना चाहिए कि केडीओ वेबसाईट में अपनी परी अपडेट जानकारी के साथ जन्म तारीख और मोबाइल नंबर भी अवश्य डाले ।

- गीरीश नागडा

## સમિતિની નોંધ

વસતિ પત્રક સમિતિના કેડીઓ વીપી એપની ખાસિયત છે કે આપણા દરેક જ્ઞાતિજનોએ પોત પોતાના કુટુંબની માહિતીઓ જરૂરથી તપાસી લેવી અને એમાં જે ફેરફાર કરવા હોય તે માટે અને પોતાના કુટુંબ સાથે સંકળાઇને રહેવા માટે એપ ઉપર રજીસ્ટર થઇને ઘર બેઠા પોતાના કુટુંબના દરેક સભ્યોની માહિતીના ફેરફાર બાબત સૂચના આપી શકો છો. આમ કરવાથી તમે જ્ઞાતિ પ્રત્યે ઋણ અદા કરતા કરતા પોતાનું પણ ઉત્કર્ષ કરી શકો છો. દરેક જણે આમ કરવાથી જન્મ તારીખની આપલે ફક્ત પરસ્પર સંમતિ દ્વારા શક્ય થશે.

આપણી એપ પૂર્ણ પણે ફક્ત અને ફક્ત કેડીઓ જ્ઞાતિ માટેજ સીમિત છે અને સંપૂર્ણપણે સુરક્ષિત છે.

– કેડીઓ વસતિ પત્રક સમિતિ



કવિશ્રી તેજ

# ''તેજ''ની કવિતામાં ''મેઘો''



(સંકલનકાર - સોમ ધરમશી)

મુંબઈનાં સમાચાર પત્રોમાં છેલ્લા કેટલાક દિવસોથી મથાળા બંધાય છે કે ''ધોધમાર વરસાદમાં ડુબી ગયું મુંબઈ'', ''ગોકળ ગાય ગતિએ રેલ્વેની સેવા'' ઈત્યાદિ... ઈત્યાદિ...

કચ્છમાં ૧૪મી જુલાઈએ ઘેર ઘેર લાપશીનાં આંધણ મુકાશે. આ વખતે તો યુ.એસ, કેન્યા અને બીજા દેશોમાં જ્યાં જ્યાં કચ્છી વસે છે ત્યાં ત્યાં અષાઢી બીજની ઉજવણી ઠાઠમારથી થશે.

પણ હજી કચ્છમાં વરસાદનાં ક્યાંક ક્યાંક અમી છાટણા થયાં છે વાદળ ઘેરાય છે, બફારો થાય છે, પણ ''મીં'' હાથતાળી આપી જાય છે. તેથી જ કવિ તેજ કહે છે–

**''સજણ આંજી જાધમેં અસીં ઝરમર વસોં...''**
**''નત્યું ગજેની ઘટાઉં, ન તાં મોરલા મલારી;**
**સનિયું સનિયું સિકલું, આંજિયું ખિવણે ડિસોં... સજણ...''**

કચ્છી-ગુજરાતી કાવ્ય સાહિત્યમાં આપણને ઋતુઓ વિષે ઘણા કાવ્યો મળે છે. મુર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોષીનું ૬ ઋતુઓનું વર્ણન કરતું કાવ્ય પહેલા-બીજા ધોરણમાં છંદ સાથે શિખેલા, અહીંયા સ્થળ સંકોચના કારણે આખુ કાવ્ય નહીં ઉતારું પણ શિખરણી છંદમાં વર્ષાઋતુને વર્ણવતું કાવ્યના અંશ રજુ કરું છું.-

**''ચઢી આવ્યાં કયાંથી દળ પર દળો વાદળ તણાં ?,**
**કરે ઈશાને શી ઝબક ઝબકી વીજ રમણા !**
**પડ્યાં પામી ધો, ધો, જળભર થઈ ધન્ય ધરણીં;**
**હસે વર્ષા; શોભા શુભ નભ વિશે મેઘઘનુની.''**

કચ્છી સાહિત્યમાં કવિવર શ્રી દુલેરાય કારાણીની પણ ઋતુઓ વર્ણવતી કવિતા મળે છે.

**''ઉત્તર ઝણકે જોરમિંજા, પોચ સીમેં ઠરંધાસીં,**
**ધોમ ધુખેં ને તપંધે તિડકેં, પેરે બરંધાસીં;**
**વિજે વરાકા વિજ ઈસાની, ચોમાસેજા ડીં,**
**કાછે મેં કામાચ લગંધે, મીં મેં ભિજંધાસીં.''**

કવિ 'તેજે' પણ નિસર્ગ અને પ્રકૃતિના અનેક કાવ્યો આપ્યા છે, તેજનું વર્ષાઋતુનું શિરમોર કાવ્ય માણીએ અને પછી તેની અન્ય કાવ્યોની આચમની લઈએ

## મીંયડ઼ા વઠા હૂભેસ

**માડ઼ી! મીંયડ઼ા વઠા હૂભેસ...(૨)**

**ગજણું-તાં માડ઼ી ઘટમેં ગજઈયું, ખિવણું ખિવઈયું વિસેસ;**
**જડ઼િયું જીજલ જાનતેં વઠિયું, ભિજ્યા ન મુંજા વેસ. માડ઼ી !..**
**વડર વઠા માડ઼ી એડ઼ા વઠા, ઓગનાણા નેણેંજા નેસ;**
**રાત સજી મુંજા સિરા નીરા રેઆ, કોરા મયેજા કેસ. માડ઼ી !..**
**મિઠ્યું મિઠ્યું નિંઘરું માડ઼ી! મિઠા મિંયામીં મેસ;**
**અંધર વાછંટ લગી ઘણે પણ બારાં ન છંટો છુએસ. માડ઼ી !..**
**ચુઆક ચુણ ચુણ ચિતમેં થેઆ, માડ઼ી ભુતડ઼ો ભિનું ન લેસ;**
**ધિલડ઼ો મુંજો જલમેં બુડી રેઓ લગી ઓસાણી ઠેસ. માડ઼ી !..**
**ગુજ ગાલિયું મું સો-સુણાયો સે કેંવટ કરિયા પેસ;**
**એડિયું રાતું સડાઇ રેં એડ઼ા વડર વસેંની હમેંસ. માડ઼ી !...**

શબ્દ અર્થ :– **હૂભેસ :** હરખથી, હોંશથી, ઉમળકાથી. **ગજણ :** મેઘ ગર્જના. **ખિવણું :** વિજળી. **જડિયું :** પાણીની ધારા. **જીજલ :** માડી, માતા. **વડર :** વાદળ. **નેસ :** નાનું ગામ. **સિરા :** રુંવા – રોમરોમ. નીરા : ભીના. **મેસ :** આંજણ. **વાછંટ :** વાછંટ. **ચુઆક :** ચુવું (ભીતનું ભીંજાવવું). **ચુણકે :** ખટકે–ચટકે. **ભુતડ઼ોઃ** અંદરનો પ્રાણ, માંહ્યલો, કાયા. **ઓસાણી ઠેસ :** હરખ ઉમળકાની ઠેસ. **ગુજ :** રહસ્યમય. **સો-સુણાયો :** સાંભળીં ને સંભળાવી. **સડાઇ :** હમેંશ.

વર્ષાનું આગમન થતાં સોળ વરસની જોબનવંતી કન્યાના મનનાં મોરલા ગહેકી ઉઠ્યાં છે અને જાણે કે પ્રિયતમની ગેરહાજરીમાં હાથવગી પોતાની માઁ ની પાસે વરસતાં વરસાદની વધામણી આપતા કહે છે **''માડ઼ી મીંયડ઼ા વઠા હૂભેસ!''** કચ્છના જીવનમાં વર્ષાનું આગવું સ્થાન છે કારણ કે તેની ખેતીની જીવાદોરી વર્ષા છે અને એટલે જ તેને હુંભથી લોકો વધાવે છે. (અષાઢી બીજની ઉજવણી).

કવિતાનો ઉઘાડ જ કેટલો અનુપમ છે કે– **મીંયડ઼ા વઠા હૂભેસ** – આંખની સમક્ષ જાણે કે નાયિકા વહેતા વરસાદની વધાઈ ગાય છે કે હુભેસ (પ્રેમથી) વર્ષા થઈ રઈ છે. અને વરસાદનાં ચિહ્નો આપતાં વર્ણવે છે કે ગજણનાં ધડાકા ભડાકા (વાદળની ગર્જના) સંભળાઈ રહી છે. અને દૂર–દૂર ખિવણું (વીજ કડાકા) થઈ રહ્યા છે. અને આ ફક્ત બહાર જ નથી થતા પણ ઘટમેં અંદર પણ થઈ રહ્યા છે. આ ''ઘટ'' શબ્દનો પ્રયોગ થોડામાં જાજું કહી જાય છે.

કવિ કલ્પનાની પાંખે ઉડી નાયિકાના હૃદયની મુંઝવણને પ્રગટ કરતાં કહે છે– **''રાત સજી મુંજા સિરા નીરા રેઆ, કોરા મયેજા કેસ'', ''અંધર વાછંટ લગી ઘણે પણ બારાં ન છંટો છુએસ''** કેવા સરસ વિરોધાભાસ કાવ્યમય રીતે ઉભો કરવામાં કવિ સફળ થયા છે. ને છેલ્લે અરધાસ કરતાં નાયિકા પ્રાર્થે છે કે આવી રાત્રીઓ હમેંશા જીવનમાં રહે અને આવી રીતે જ વાદળાઓ હમેંશા વરસતા રહે...

હવે તેજનાં અન્ય વર્ષાઋતુનાં કાવ્યોની આચમની લઈએ–

**''કાંભા વારેને કર્યું ઘા !, હલો જેડલું કાંભા વારેને કર્યું ઘા.**
**મીંઅડ઼ા વઠા ને થિઈ નીરી કુંજાર સીમ,**
**સેડ઼ા સેડ઼ેંમેં આયો સા; વેડ઼ેમેં, વિંગડ઼ીમેં,**
**છેલેમેં નીર છિલેં, લેરેંકે લોડે તો વા ! હલો જેડલું..''**

કવિ મુંબઈના વરસાદ અને કચ્છના વરસાદની સરખામણી કરતા કહે છે–

મુંભઈજો મીં : **ડુખ પેચલ નારી રુએ જિરાજિરામેં જીં;**
**તીં અસાંજી મુંભઈમેં વસે પેઓ મીં.**

કચ્છજો મીં : **જીં ભુતકે ભાંઠો હણો રુએ નતો રુંગો;**
**તીં અસાંજે મુલકમેં મડ વસે મેઘો.**

કચ્છના ગામડ઼ામાં જ્યારે વરસાદ પડે અને શાળામાં રજાઓ મળે ત્યારે નાના બાળકોની મસ્તીને કવિ આવી રીતે વર્ણવે છે–

**''ગજણ ગજઈ, ખિવણ ખિવઈ;**
**હિકડ઼ી વડરી જોરાતી જડ઼ી વસાય વિઈ.**
**ફરીએજા છોરા ઉઘાડ઼ા થિઈ નચણ વિઠા;**
**ને ભિની મિટી પગેંમથે વારેને ભુંગલિયું ભનાયોં...''**

કવિ કચ્છીઓનાં મેઘા તરફના ઉત્કટ પ્રેમને આ રીતે વર્ણવે છે–

**''અસીં આસાટી મોરલા ને તું ઇંધરલઠ;**
**હિંયડ઼ા તડ઼પેં ભઠ વલા હાણે વસી પો !**
**વલા હાણે વસી - પો, મ થી અસાંનું ડૂર;**
**અચ પિરિયન પૂન, અંધર ઓગન વાય છડા.''**

ચાર ચોપડી ભણેલા કવિ 'તેજ' મેઘરાજાને ''હાઈકુ'' પ્રકારના કાવ્યોમાં પણ કુશળતાથી જકડી શકે છે.-

**''ગજણ ગજે**
**ખિવણ ખિવે : પોઆ**
**મીં તાં વસેં જ.''**

કવિ તેજની વાત ન્યારી છે. તેમના આ વર્ષા ગીતો સપાટી ઉપરનાં નથી. તેમણે રચેલા કાવ્ય રૂપકો છમ-છમ કરતાં વરસતા દરેક ટીપામાંથી મેઘધનુષ્ય સર્જી શકે છે... (''મીંયડ઼ા વઠા હૂભેસ''નો રસાસ્વાદ શ્રી પ્રભાશંકર ફડકેના પુસ્તક ''કચ્છી કવિતા આસ્વાદના આલોકમાં''થી આભાર સહિત લીધેલ છે.)

# વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા, ભરૂડિયા-મુલુંડ, મો. 9820336767**

કચ્છી ઓસવાલોનું એક ગોત્ર દેઢિયા છે જે વર્તમાને આપણી જ્ઞાતિમાં નથી. કચ્છી વીસા ઓસવાલ અને હાલારી વીસા ઓસવાલમાં છે. હાલારી વીસા ઓસવાલમાં 'દોઢિયા' તરીકે ઓળખાય છે. જુની નોંધો પરથી જણાય છે કે એક સમયે આ ગોત્ર આપણી જ્ઞાતિમાં હતું. કાળક્રમે આ ગોત્ર 'લાલકા' ગોત્રમાં ભળી ગયું છે.

અનેક ગોત્રમાં બન્યું છે તેવી રીતે વીસા ઓસવાલમાંથી છુટા પડ્યા બાદ આ ગોત્ર વાળાં દશા ઓસવાલમાં જે તે ગોત્રની પેટાશાખા (સગોત્રીય ગોત્રમાં) ભળી ગયા છે. જેમકે માલદે ગોત્રનું ડાઘા ગોત્રમાં ભળી જવું, કરણીયા ગોત્રનું દંડ ગોત્રમાં ભળી જવું. તાજેતરમાં દેઢિયા ગોત્રની વહી જોવા મળી જેમાં હાલારનાં વર્તમાને લાલકા ગોત્ર ચલાવતા તમામ પરિવારોની વંશાવલીની નોંધ છે. આજથી ૭૦/૮૦ વરસ પહેલાની જન્મ/મરણ નોંધોમાં હાલારનાં લાલકાઓ પોતાને દેઢિયા તરીકે ઓળખાવતા હતા તે જણાઇ આવે છે. લાલકા ગોત્રની વહી પ્રાપ્ત થઇ નથી. જેથી લાલકા ગોત્ર દેઢિયા ગોત્રની પેટા શાખા છે કે કેમ તે જાણી શકાતું નથી. શ્રી પાર્શ્વનાં 'શ્રી અચલગચ્છીય પ્રતિષ્ઠા લેખો'માં થી શત્રુંજયગિરિ ઉપર શેઠ નરશી કેશવજી કારિત ટૂંકની દેરીના એક લેખમાં લાલકા ગોત્રના "શા. દેવજી ગોવંધજી પાશુઆણી દેઢી. ગામ શ્રી લામ શ્રી લાલા સં. ૧૯૫૮" એવો ઉલ્લેખ છે જે કચ્છના આપણાં લાલકા પરિવારોનું મૂળ ગોત્ર કદાચ દેઢિયા જ હશે તેની પૃષ્ટી કરે છે.

દેઢિયા ગોત્રનું ઋષિ પરંપરાએ આદ્યગોત્ર વશિષ્ઠ છે અને ચાવડા વંશ છે. ચાવડા વંશમાંથી અનેક શાખાઓ નીકળી છે તે પૈકીની એક દેઢિયા છે. શીવપુરાણમાં ઉલ્લેખ છે કે પૃથ્વીએ શંકર ભગવાનને વિનંતી કરી કે પ્રભુ આપ ધ્યાનમાં બેસો છો ત્યારે અસુરો હેરાન કરે છે. શંકરે ધનુષની ચાંપમાંથી ક્ષત્રિય પુરૂષ પેદા કર્યો તે ચાપ, ચાવડા કે ચાપોતકર તરીકે ઓળખાયા.

વહીવંચાની નોંધમાં રઘુકુળની શાખા છે અને રામના પુત્ર કુશના વંશજ ચાવડા છે. કુળદેવી માતા ચાંવડ (ચામુંડા) બીજું નામ સચ્ચાય માતાને પુજે છે. ચાવડા રાજપૂતોના રાજ્ય ભીનમાલમાં જાલોર, કાઠિયાવાડમાં વઢવાણ (રાજવી ધરણીવરાહ વિ.સં. ૯૭૧) અને ઉત્તર ગુજરાતમાં ૭મી સદીમાં પંચાસર હતા. પંચાસરનાં રાજવી જયશેખર સને ૬૯૭ માં મરાયો, પત્ની સગર્ભા હતી. જંગલમાં રહી અને પુત્રને જન્મ આપ્યો તે પુત્ર વનરાજ જેણે પિતાનું રાજ્ય પાછું મેળવી ઇ.સ. ૭૪૬ (સં.૮૦૨)માં અણહીલપુર પાટણ વસાવી ત્યાં રાજધાની સ્થાપી. આપણાં આચાર્ય શ્રી મેરૂતુંગસૂરિએ 'પ્રબંધ ચિન્તામણી' નામના ગ્રંથમાં ચાવડા વંશ અને તેના રાજ્યની વિગતો આપી છે. વનરાજ ચાવડાએ ૬૦ વરસ રાજ્ય કર્યું. ત્યારબાદ યોગરાજ, ક્ષેમરાજ, ભુવડ, વીરસિંહ, રત્નદિપ અને છેલ્લે સામંતસિંહ આ વંશમાં રાજા થયા.

સામંતસિંહને કોઇ સંતાન ન હતું તેણે મૂળરાજને દત્તક લીધો. પાછળથી મૂળરાજ જે સોલંકી (ચાલુક્ય) વંશનો હતો તેણે સામતસિંહનું રાજ્ય છીનવી લીધું અને સોલંકી રાજ્યની સ્થાપના કરી. આ સાંમતસિંહના પરિવારમાં દેવડ થયો. દેવડને સં. ૧૨૫૫માં આચાર્ય જયસિંહસૂરિએ જૈનધર્મી કર્યો. અંચલગચ્છ પટ્ટાવલી અને પંડિત હીરાલાલ હંસરાજ લાલનકૃત 'જૈન ગોત્ર સંગ્રહ' મુજબ દેવડને ચાર પુત્રો હતા (૧) ઝામર (૨) સાવલસિંહ (૩) નંદુસિંહ (૪) મુંમન. ઝામરનાં પુત્ર દેઢિયા પરથી દેઢિયા ગોત્ર થયું. સાવલસિંહના વંસજો સાવલા તરિકે ઓળખાયા નંદુસિંહના નંદુ તરીકે અને મુંમનના વંશજો છેડા થયા.'

દેઢિયા ગોત્ર સંબંધી અન્ય મત પ્રમાણે દેડજી (દેદાજી)ની ભૂમિ સોલંકીએ લઇ લેતા તે આબુ તરફ આવ્યો. આબુ આજુબાજુનો પ્રદેશ દેડજીએ મીણા અને કાઠીઓ પાસેથી લઇ લીધો ત્યાં પોતાના નામ પરથી દેદવા ગામ વસાવ્યું. દેદાજી ખૂબ પરાક્રમી હતો. ત્યાંથી પઢિયારોની જેસલમેર અને જોધપુર વચ્ચેના ઓસીયા પ્રાંતની જમીન જીતી ત્યાં ડેઢિયા નામે ગામ વસાવ્યું. આ પરિવારો જૈન બન્યા. ગુજરાત/કચ્છમાં આવ્યા. તેમનું ડેઢિયા ગોત્ર થયું. કચ્છનાં દેઢિયાઓની પ્રથમ માતા સચ્ચાઇ પાછળથી હરિયા ગોત્રની ક્કકા શાખાની મામલ નામની પુત્રી પરણી દેઢિયા ગોત્રમાં આવી. પાછળથી ક્કકા અને દેઢિયા ગોત્રવાળાએ મામલને કુળદેવી સ્થાપી.

હાલારનાં લાલકા (દેઢિયા) એક જ પરિવારની પાંખડી છે. તેમની વંશાવલીઓ નીચે મુજબ છે.

(૧) ધ્રાફા : હર્ષલ-રમેશ-શામજી-કરમસી-કાનજી-મુરજી-ડાહીયા-લાલો-હરખો-મહિયો-લખધીર-દુદાણી-મેકાણી-

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

રામાણી-જેસંગ-હરચંદ-દેપાર-દેઢિયાણી.

(૨) ધ્રાસ : રાહુલ-જવાહર-ખીમજી-ગેલા-સામત-કાનજી.... (આગળ નં. ૧ મુજબ)

(૩) મોટી ખાવડી : હિમાંશુ-રાજેસ-પાસુભાઇ-માણેકજી-લાલજી-જીવરાજ-પુંજા-ડાહીયા-લાલો.... (આગળ ૧ મુજબ)

(૪) મોટી ખાવડી : દિપક-રાયચંદ-ધારસી-હંસરાજ-રતનશી-ઉમરસી-ડાહીયા-લાલો.... (આગળ ૧ મુજબ)

(૫) રંગપુર : હેમાંગ-અશોક-લાલજી-ચત્રભોજ-મુરજી-ઉમરસી-ડાહ્યા-લાલો.... (આગળ નં. ૧ મુજબ)

(૬) બેરાજા : પંકજ-વિરચંદ-લખમસી-મેગજી-મુરજી-ઉમરસી-ડાહ્યા-લાલો.... (આગળ નં. ૧ મુજબ)

દેઢિયાની વંશાવલીની શરૂઆત દેઢિયા વડજરના રેવાસી ગામ ધ્રાફામાં છે તેથી લાલકા પરિવારનો વસવાટ ધ્રાફામાં પ્રથમ ત્યારબાદ મોટી ખાવડી ત્યાંથી બેરાજા અને રંગપુરમાં થયો છે.

(કચ્છનાં લાલકા પરિવારની વિગત મળી શકી નથી. કોઇ પરિવાર પાસે વંશાવલી/આંબો કે અન્ય કોઇ વિગત હોય તો અવશ્ય મોકલવા નમ્ર વિનંતી જેથી આ ગોત્ર અંગે વિશેષ પ્રકાશ પાડી શકાય.)

## અંબે માતાજી ને નમતા છેડા ગોત્રના ભાવિકો તથા નિયાણી બહેનો

ક.દ.ઓ. છેડા ગોત્રના કુળદેવી **શ્રી અંબેમા ની ૨૫મી પહેડી તા. ૨ ડિસેમ્બરને રવિવારના** મુલુંડ મધ્યે રાખવામાં આવેલ છે. આ શુભ પ્રસંગે પેડી-પ્રસાદ ઉપરાંત વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સર્વ નિયાણી બહેનોને વિનંતી છે કે આપનું નામ, સરનામુ તથા મોબાઇલ/ટેલીફોન નંબર નીચે જણાવેલ નિયાણી બહેનોનો સંપર્ક સાધવો જેથી આપ સૌ નિયાણી બહેનોને સમયસર કાર્યક્રમની જાણ કરી શકાય.

| | | |
|---|---|---|
| **શ્રીમતી હંસાબેન હિરાચંદ પટેલ** | વાશી | **- 9869478225** |
| **હિનાબેન મનોજ લોડાયા** | અંધેરી | **- 9820318345** |
| **શ્રીમતી શોભાબેન જીતેન્દ્ર લોડાયા** | ઘાટકોપર | **- 9322088239** |
| **શ્રીમતી મીનલબેન દુરેશ દંડ** | ડોંબિવલી | **- 9664942097** |

|| શ્રી અનંતનાથાય નમઃ ||

KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

## આવ્યા ચાતુર્માસના વધામણાં, સ્વાગત કરીશું સોહામણાં....

શ્રી અનંતનાથ દાદાની અસીમ કૃપાએ શ્રી અનંતનાથ તીર્થ દ્વારે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ શ્રી અનંતનાથ ટ્રસ્ટ તેમજ શ્રી મસ્જિદ બંદર સંઘના પરમ ભાગ્યોદયે ચાતુર્માસ પ્રવેશના અતિ આનંદકારી પ્રસંગે **રવિવાર તા. ૨૨-૦૭-૨૦૧૮**ની સલુણી પ્રભાતે સાજન-માજન, ગુરૂભક્તો સહ સર્વે જ્ઞાતિજનો વહેલાસર પધારશો. અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની **પ.પૂ. સાધ્વીશ્રી અરૂણાપ્રભાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ. સાધ્વીશ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા.** આદિ ઠાણા ૪ વાજતેગાજતે ચાતુર્માસર્થે પધારશે.

પૂજ્યશ્રીઓનું સામૈયું શ્રી ક.વી.ઓ. જૈન મહાજનવાડી, ચીંચ બંદર થી વાજતે ગાજતે સવારના ૮.૦૦ કલાકે થશે. **(નવકારશી સવારના ૭.૩૦ થી ૮.૦૦ ચીંચ બંદર).**

પ્રવેશ બાદ માંગલિક, સુત્ર-ચરિત્ર, પાંચ જ્ઞાનના તથા ગુરૂપૂજનના ચડાવા લેવામાં આવશે. ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે આયંબિલ તપ કરાવવામાં આવશે, વધુ સંખ્યામાં જોડાવા વિનંતી.

સર્વે જ્ઞાતિ જનો, ગુરૂ ભક્તો, પૂજ્યશ્રીના સગા-સંબંધિઓ સવારના ૭.૩૦ કલાકે શ્રી ક.વી.ઓ. મહાજનવાડી ચીંચ બંદર નવકારશીનો લાભ આપી પ્રવેશમાં સામેલ થશોજી.

**લિ. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જીદ બંદર જૈન સંઘ, મુંબઈ**

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મુલરાજ કલ્યાણજી છેડા** (PS 7353) | ૧૩૦૨, શ્રી સતી આશિષ કો.હા.સો., ૧૩મે માળે, પ્લોટ નં. ૩૯, ગારોડીયા નગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. મો.: ૦૯૮૨૧૧ ૬૩૨૫૩ |
| **દિપિત સોમચંદ મોમાયા** (PS 2025) | ૬૦૩, સેરેના, સેનરૂફ્સ, મુલુંડ-ગોરેગામ લિંક રોડ, નાહુર રેલ્વે સ્ટેશનની સામે, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. મો.: ૦૮૨૩૮૦ ૦૭૦૮૪ |
| **હીરાચંદ ખેતશી મોતા** (PS 7244) | ૦૦૨, રાજ હેરીટેજ કો.હા.સો., પ્રેમ નગર, રોકડે સ્ટૉપ પાસે, રેતી બંદર રોડ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: ૦૯૬૧૯૫ ૬૫૬૧૪ |

## કચ્છી કસબ - ૧૨૫

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ■ | ૨ | | | | ■ | ૩ | ૪ | |
| | ■ | ૫ | | ■ | ■ | ■ | ૬ | | | ■ |
| | ■ | | ■ | ■ | ૭ | | | | | ■ |
| | ■ | | ■ | ૮ | | ■ | ૯ | | | ૧૦ |
| ■ | ૧૧ | | ■ | | ■ | ૧૨ | ■ | ■ | ■ | |
| ૧૩ | | ■ | ■ | | ■ | | ■ | ૧૪ | | |
| | ■ | ૧૫ | ૧૬ | | ■ | | ■ | | ■ | |
| ૧૭ | | | | ■ | ૧૮ | | ■ | ૧૯ | | ■ |
| | ■ | ■ | ■ | ૨૦ | | ■ | ૨૧ | | | ■ |
| ૨૨ | | ૨૩ | | ■ | ■ | ૨૪ | | ■ | ૨૫ | ૨૬ |
| | ■ | | ■ | ૨૭ | ■ | ૨૮ | | | ■ | |



રચયિતા: **જયકાંત મોતા**
ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨

**આડી ચાવીઓ -**
[૧] શરીર (૨); [૨] સાફસૂફી (૪); [૩] શેઠાણી (૩);
[૫] લંગડાઓ (૨); [૬] મરચું (૩); [૭] લગ્ન મંડપ (૨);
[૮] પેલા એ (૨); [૯] જેનું તેનું (૪); [૧૧] તપેલી (૨);
[૧૩] કાંણાવાળો મોટો ચમચો (૨); [૧૪] આવે છે (૩);
[૧૫] તક (૩); [૧૭] હા કહીને કાંઇ આપવું નહીં (૪);
[૧૮] જા (૨); [૧૯] રમવું (૨); [૨૦] પૂર (૨);
[૨૧] બીયાં (૨); [૨૨] મનાવવું (૪);
[૨૪] થાળીમાં વધેલો ખોરાક (૨); [૨૫] અડધું (૨);
[૨૭] ભેંસ (૧); [૨૮] લગામ (૩);

**ઊભી ચાવીઓ -**
[૧] ગરોળી (૪); [૨] વરસાદના છાંટા (૨);
[૩] દરવાજો (૪); [૪] ના કહેવી (૨); [૫] રવઈ (૪);
[૭] ચૂનો (૨); [૮] ઉતાવળ (૪); [૧૦] જેવું તેવું (૪);
[૧૧] પહેરવું (૨); [૧૨] આવન-જાવન (૪);
[૧૩] કપડાથી માટી સાફ કરવી (૬); [૧૪] નવાઇ લાગવી (૪);
[૧૫] નકલ (૨); [૧૬] નદી (૨); [૧૮] વાંકી (૨);
[૨૧] બેસવાની જગ્યા (૩); [૨૩] લાડ (૨);
[૨૪] એંચી (૨); [૨૬] પાઠ (૨);

**ખુદની સાથે મળવાનું રહી ગયું,**
**ભીતર તરફ વળવાનું રહી ગયું!**

**ટીકા કરતા રહ્યા હંમેશા અન્યની,**
**અને ખુદને પરખવાનું રહી ગયું!**

**દૂરના સંબંધોમાં વ્યસ્ત રહ્યા સદા,**
**નિકટના સાથે ભળવાનું રહી ગયું!**

**કાબાથી કાશી સુધી પથ્થર પૂજા કર્યા,**
**અને, ઈશ્વરને ઓળખવાનું રહી ગયું!**

**ગણ્યા કર્યા પેલા મુઠ્ઠીભર સિક્કા વ્યર્થ,**
**અને પેલું સુખ ગણવાનું રહી ગયું!**

**બે થોથા ભણી લીધા ને હોંશિયાર થઈ ગયા,**
**પણ, જ્ઞાન સમજવાનું રહી ગયું!**

**ઝપાટાભેર વહી રહી આ જિંદગી**
**અને સાલું....**
**આ જીવવાનું તો રહી ગયું!!**

***(સંકલન)***

**કચ્છી કસબ - ૧૨૫ નો ઉકેલ**

આડી ચાવીઓ -
(૧) અંગ (૨) છંઢછુંઢ (૩) ધનાણી (૫) મંઢા (૬) મેરચો
(૭) ચોરી (૮) હોન (૯) જેંજો તેંજો (૧૧) પેણી (૧૩) જારો
(૧૪) અચેતો (૧૫) ચાનસ (૧૭) ટટળાય (૧૮) વેંન
(૧૯) રમ (૨૦) જંગી (૨૧) બેજ (૨૨) પરચાય (૨૪) એઠ
(૨૫) અધ (૨૭) મેં (૨૮) ચાકડો

ઊભી ચાવીઓ -
(૧) અંધીચીચી (૨) છંઢા (૩) ધરવાજો (૪) નાચો
(૫) મંધીયાણી (૭) ચોન (૮) હોસહોસ (૧૦) જોકો તોકો
(૧૧) પેરો (૧૨) અચવેન (૧૩) જાપટ જૂપટ (૧૪) અચરજ
(૧૫) ચાળા (૧૬) નય (૧૮) વેંગી (૨૧) બેઠક (૨૩) ચાગ
(૨૪) એચા (૨૬) ધડો

# શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘ – અનંતછાયા (ઘાટકોપર)

## શ્રી અનંતનાથ દાદા (ઘાટકોપર) જિનાલયની પ્રથમ વર્ષગાંઠે
## ધ્વજા રોહણની ભવ્યાતિભવ્ય મહોત્સવની યાદગાર ઉજવણી

અચલગચ્છાપતિ રાષ્ટ્રસંત **પ.પૂ. આ. દે. શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.**ની દિવ્ય કૃપાથી, તપચક્ર ચક્રવર્તી તપસ્વી રત્ન **પ.પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.** શુભઆશિષે, સાહિત્ય દિવાકર **પ.પૂ.આ.ભ. કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.**ની કૃપા દ્રષ્ટિએ. નૂતન સૂરિત્રયના મંગલ આશિષોની મહેર અનરાધાર વરસી રહી છે.

જિનાલયની પ્રથમ વર્ષગાંઠ કાયમ માટે યાદ રહી જાય એ માટે શ્રી સંઘના પ્રમુખ અને કાર્યકર્તાઓની અથાગ મહેનતે દાતા પરિવારોની ઉદારતાએ શ્રી સંઘ પરમાત્માના વિવિધ આભૂષણે દાદાને ચઢાવી શ્રી અનંતનાથજી ટ્રસ્ટને અર્પણ કરી ખરેખર ભવ્યતમ કાર્ય કર્યું છે.

શ્રી સળંગ પરમાં વર્ષીતપના આરાધક, તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.** પોતાના વિશાળ શ્રમણ-શ્રમણી પરિવાર સાથે પાલિતાણાથી ઉગ્રવિહાર કરી શ્રી અનંતનાથ દાદાને શિખરબધ્ધ જિનાલયમાં બિરાજમાન કરવા પધાર્યા તેમના 'પર'માં વર્ષીતપની અનુમોદનાર્થે શ્રી સંઘ તરફથી આદીનાથ દાદાને સાચા હીરા જડીત સુવર્ણની ટીલડી ચડાવવામાં આવી.

સરળસ્વભાવી **પ.પૂ.આ.ભ. કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.**ના સળંગ ૧૭મા વર્ષીતપ અને જ્યોતિષાચાર્ય **પ.પૂ.આ.ભ. વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.**ની અનુમોદનાર્થે શ્રી આદીનાથ દાદાને સાચા હીરા જડીત સુવર્ણના ચક્ષુ શ્રી સંઘ તરફથી અર્પણ કર્યા.

શ્રી સંઘના સ્થાપના થી અત્યારસુધીના આયોજનમાં સુંદર માર્ગદર્શન પ્રદાન કરનાર **પ.પૂ. મુનિ રાજરત્નસાગરજી મ.સા.** અને **પ.પૂ. મુનિ પ્રિયંકરસાગરજી મ.સા.**ની સંયમ જીવનની અનુમોદનાર્થે શ્રી મુનિસુવ્રત દાદાના સાચા હિરાના ચક્ષુ સંઘ તરફથી અર્પણ કરેલ છે.

શ્રી સંઘ પર અમી દ્દષ્ટી વરસાવનાર સા. મુખ્યા **પ.પૂ. વંસતપ્રભાશ્રીજી મ.સા.**ના સંયમ જીવન-મહત્તરા પદની અનુમોદનાર્થ શ્રી અનંતનાથ, શ્રી શાંતિનાથ, શ્રી ચંદ્રપ્રભસ્વામીને ત્રણ રજતના છત્ર શ્રી સંઘ તરફથી અપર્ણ કરવામાં આવ્યા.

શ્રી સંઘના પ્રમુખ તથા અન્ય કાર્યકર્તાઓ ઉપર આર્શિવાદ વરસાવનાર **પ.પૂ. મહોદયા શ્રીજી મ.સા.** આદિ ઠાણાના સંયમ જીવનની અનુમોદનાર્થે શ્રી ગૌતમ સ્વામી શ્રી મહાકાલી દેવી અને શ્રી ચક્રેશ્વરી દેવી ને સાચા હીરાની સુવર્ણ મય ટીલડી ચઢાવવામાં આવી.

શ્રી આદીનાથ ભ.ને અચલગચ્છાધિપતિ શ્રીજીના આજ્ઞાવર્તીની **પ.પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.**ના સુવર્ણ સંયમ વર્ષની અનુમોદનાર્થે રજતની આંગી શ્રી સંઘે અર્પણ કરી.

સંઘના યોગ્ય માર્ગદર્શિકા **પ.પૂ. અનંતયશાશ્રીજી મ.સા.** ૪૧ વર્ષના સંયમપર્યાયના અનુમોદનાર્થે શ્રી મુનિસુવ્રત દાદાની રજતની આંગી શ્રી સંઘ તરફથી અર્પણ કરવામાં આવી.

સંઘના પાયાના પત્થર **પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.**ના સંયમ જીવનની અનુમોદનાર્થે શ્રી મુનિસુવ્રત દાદાને સાચા હીરાની ટીલડી શ્રી સંઘ તરફથી અર્પણ કરવામાં આવી.

શ્રી સંઘને કાયમ આરાધનામય રાખનારા **પ.પૂ. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.**ના સંયમ જીવનની અનુમોદનાર્થે શ્રી આદીનાથ ભ., શ્રી મુનિસુવ્રત સ્વામીને ત્રણ રજતના છત્ર શ્રી સંઘ તરફથી અર્પણ કરવામાં આવ્યા.

શ્રી સંઘની કુલદિપીકા **પ.પૂ. અર્હમ યશાશ્રીજી મ.સા.**ની પ્રથમ દિક્ષા તિથી નિમિત્તે શ્રી ગૌતમ સ્વામી. શ્રી મહાકાલી દેવી, શ્રી ચક્રેશ્વરી દેવી, શ્રી પદ્માવતી દેવી, શ્રી પાતાલ યક્ષ અને શ્રી અંકુશા દેવીને શ્રી સંઘે રજતના છત્ર અર્પણ કર્યા.

શ્રી સંઘ પર આશીર્વાદ વરસાનાર **પ.પૂ. સંયમગુણાશ્રીજી મ.સા.** અને **મૌન ગુણાશ્રીજી મ.સા.**ના સંયમ જીવનના અનુમોદનાર્થે શ્રી પદ્માવતી દેવી, અને શ્રી અંકુશા દેવીને સાચા હીરાની સુવર્ણ જાય ટીલડી ચઢાવવામાં આવી.

શ્રી સંઘ દરેક કાર્યોમાં નિશ્રા પ્રદાન કરનારા **પ.પૂ. અમીતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. તત્વપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ. રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. સિધ્ધિવર્ષાશ્રીજી મ.સા.**ના સંયમ જીવનની અનુમોદનાર્થે **શ્રી અનંતનાથ ભ., શ્રી શાંતિનાથ ભ., શ્રી ચંદ્રપ્રભ સ્વામી ભ.** ના મસ્તકે શોભિત રજતની કલગી અપર્ણ કરવામાં આવી.

**શ્રી સંઘ તરફથી પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે અંદાજે ૨૦ કીલો જેવા ચાંદીના આભુષણો અને સાચા હિરાના સુવર્ણમય ટિલડીઓ અને દાદાના ચક્ષુ અપર્ણ કરવામાં આવેલ.**
**દેવ-ગુરૂ-ધર્મની મહેર અમારા શ્રી સંઘ પર સદાય વરસતી રહો. જેથી અમારા સંઘનું પુણ્ય ઉત્તરોત્તર વધતું રહે એ જ પ્રભુ પાસે પ્રાર્થના.**

**લી. શ્રી ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘ**

પ્રમુખ – **સમીર લક્ષ્મીચંદ નાગડા**

## આરોગ્ય પ્રકાશ : આમ્લપિત્ત કે એસીડીટી

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

આપણા શરીરમાં પેટની અંદર ઉદરપટલની નીચે ડાબી બાજુ જઠ્ઠર (stomach) નામની કોથળી જેવો અવયવ આવેલ છે. અન્નનળી પતે એટલે જઠ્ઠર શરૂ થાય. જઠ્ઠરનો છેવટનો ભાગ ડ્યુએડેનમ નામના નાના આંતરડાના શરૂઆતના ભાગ સાથે જોડાય. જઠ્ઠરએ અન્નના પાચન માટે મહત્વનું અંગ છે. આપણે જે કાંઇ ખાઇએ પીએ તે અન્નનળી વાટે જઠ્ઠરમાં જાય, જઠ્ઠરની અંદર પાચન માટેની ગ્રંથીઓ (stomach-glands) આવેલી હોય છે. એમાંથી ઍસીડ (જેને gastric acid કહેવાય) – જે હાઇડ્રોક્લોરિક એસિડ હોય છે. ઝરે એનાથી અન્નનું પાચન થાય. આ gastric acid યોગ્ય પ્રમાણમાં ઝરવું જોઇએ. જો ઓછું ઝરે તો મંદાગ્નિ થાય અને પાચન બરાબર ન થાય, ભૂખ ઓછી લાગે, ગેસ થાય, અશક્તિ આવે અને આરોગ્યની બીજી તકલીફો થાય. જો આ એસિડ વધુ પ્રમાણમાં ઉત્પન્ન થાય તો આમ્લપિત્ત કે એસીડીટીની તકલીફ થાય. દશમાંથી ત્રણ વ્યક્તિને આ તકલીફ હોય છે.

લક્ષણો : પેટના ઉપરના ભાગમાં બળતરા થાય, કોઇકને છાતીમાં બળતરા થાય, પેટના ઉપરના ભાગમાં દુઃખાવો થાય વધુ ગૅસ થાય; ઓડકાર વધુ આવે; અપચન થાય; માથામાં દુઃખાવો થાય, ઉલ્ટી જેવું લાગે કે ઉલ્ટી પણ આવે; કોઇકને ચક્કર પણ આવે, ક્યારેક પેટમાં સોજા (Gastritis)આવે. અવારનવાર એસીડીટી થાય અને ઇલાજ બરાબર ન થાય તો જઠ્ઠરમાં ચાંદા (Peptic Ulcer) થાય એ તકલીફદાયક પરિસ્થિતિ હોય. ક્યારેક ક્યારેક જઠ્ઠરમાંનો ઍસિડ અન્નનળીમાં ધકેલાય, ખાસ કરીને ખાઇએ અને તરત આડા પડીએ, સૂઇએ તો એસિડ અન્નનળીમાં ધકેલાય (Acid Reglux) છાતીમાં આને લીધે બળતરા થાય. આવું અવારનવાર થાય તો અન્નનળીનો છેવટનો ભાગ (અન્નનળી જ્યાં જઠ્ઠરને મળે છે તે ભાગ) માંની અંદરની મેમ્બ્રેન (પેટની અંદરનું પડ) ને નુકશાન થઇ સંકોચાવા જેવી થાય છે જેને સ્ટ્રીક્ચર (Stricture) કહેવાય. આ સ્ટ્રીક્ચર પછી કાયમ રહે છે અને પાચનની, આરોગ્યની સમસ્યાઓ થાય છે.

કારણો : એસીડીટી સામાન્ય રીતે ઘણા બહારના પરિબળોને લીધે થાય છે. ખાવાની અયોગ્ય ટેવો ખાસ કરીને તીખું, તમતમતું, મસાલેદાર અન્ન, તળેલો ખોરાક, ગરમાગરમ અન્ન કે પ્રવાહી લેવું અને માનસિક તનાવ, સ્ટ્રેસ, વધુ પડતી ચિંતા મુખ્ય કારણો છે. જમવાના સમયની અનિયમિતતા અથવા વધુ કામકાજને લીધે ટાઇમસર ન જમવું, ધ્રુમપાન, દારૂ અને નસીલા પદાર્થનું સેવન કરવું, તમાકુ ખાવુ, વધુ પડતી ચા-કોફી પીવી, જે લોકો નોનવેજ તળેલા તીખા-મસાલેદાર પદાર્થ ખાય છે તેને એસીડીટી થવાની શક્યતા વધુ છે. અમુક દવાઓ, સોજા-દુઃખાવા માટેની ગોળીઓ (Combiflam, Ibuprofen, Diclofenac જેવી પેઇનકીલર) Asprin સ્ટરોઇડ વગેરે દવાઓ લેવાથી ઘણાને એસીડીટી થાય છે. ઉંઘ ઓછી થાય તો પણ એસીડીટી થઇ શકે.

નિદાન : ઉપરના લક્ષણો પરથી એસીડીટીનું નિદાન થાય. પેટમાં ચાંદા (Ulcer) કે અન્નનળીના સ્ટ્રીક્ચરની શંકા હોય તો સ્પેશ્યાલીસ્ટ ગેસ્ટ્રોસ્કોપી કરી અંદરની પરિસ્થિતિ જોઇ, ફોટા પાડી અલ્સર કે અન્નનળીના સ્ટ્રીક્ચરનું નિદાન કરે છે. પેટમાં સોજા (Gastritis) હોય તો તેનું પણ નિદાન થાય છે.

ઇલાજ : તીખા તમતમતા ખોરાક ત્યજો, દારૂ, સિગરેટ, બીડી, તમાકુ જેવા વ્યસન ત્યજો. આ બિમારી જીવનશૈલી સાથે જોડાયેલ છે માટે જીવનશૈલી બદલો. કેફીનવાળા પદાર્થ (ચા, કોફી, ઠંડા પીણા, કેફીનવાળી ચોકલેટો) ત્યજો. જેના કારણે એસીડીટી થતી હોય તે છોડો. મરચા, ટમેટાનું સૉસ, કાચા અને પાકા ટમેટા, કાંદા, લસણ, સંતરા, પાઉં એસીડીટી કરે. વધુ પડતું ખોરાક ખાવાથી પાચન બગડે અને એસીડીટી થઇ શકે માટે પ્રમાણ સર ઘરનું જમણ જમો. બહારનું ખાવાનું છોડો. ચટની, અથાણું, સામાન્ય માત્રામાં ખાવા, જમવામાં નિયમિતતા રાખવી, ધીરે ધીરે બરાબર ચાવીને ખાવું. ટીવી, જોતાં, વાતો કરતાં કે વાંચન કરતાં ન જમવું. અઠવાડીયામાં એકાદ દિવસ સાંજે ફક્ત ફળાહાર કરવો. સંપૂર્ણ શાકાહારી બનો. માનસિક કરીને સ્વસ્થ રહો. ટેન્શન, ચિંતાથી દૂર રહો- ખાસ કરીને જમતી વખતે.સાત કલાકની પૂરતી શાંત ઉંઘ લ્યો. ૧) સવારના પહોરમા ત્રણ-ચાર ગ્લાસ સાદુ પાણી પીને મોંમા આંગળા નાખી ઉલ્ટી કરી નાખવું (વમન ક્રિયા) આમ કરવાથી પિત્ત બધું બહાર નીકળી જશે અને રાહત થશે. થોડા દિવસ આમ કરવાથી ઘણો જ ફાયદો થશે. ૨) આઠ-દશ કાચા ચોખાના દાણા સવારે ખાલી પેટે લેવાથી ફાયદો થાય છે. ૩) જ્યારે એસીડીટીની તકલીફ હોય ત્યારે ફ્રીજનું ઠંડુ દૂધ કે છાસ એક ગ્લાસ પીંવુ. ડાયાબીટીઝ ન હોય તો આઇસક્રીમ લઇ શકો. જેમને શરદી, કફ, દમ જેવી તકલીફ હોય તેમણે ફ્રીજના ઠંડા દૂધ, છાસ કે આઇસક્રીમ ન લેવાય તેમણે ન ઠંડુ- ન ગરમ (Room Temprature) એવું દૂધ કે છાસ લેવા. ૩) ડાયાબીટીઝ ન હોય તો મિઠાઇ ખાવાથી પણ રાહત થાય. ૪) છાસમાં એક ચમચી વરિયાળીનું પાવડર લેવું. છાસમાં લેકટીક એસિડ હોય છે જે એસિડનો નાશ કરે છે. દુધમાં

અનુસંધાન પાના નં. ૧૪ ઉપર

## ‘વિદ્યાર્થી અભિવાદનનો એક નવતર પ્રયોગ જે દરેક વિદ્યાર્થીને માટે પ્રોત્સાહક બની રહેશે.’

# UNIQUE WAY TO HONOUR MERITORIUS STUDENTS

(By Tilakchand K.L, Former Chief Commissioner of Income Tax, Chennai. 99406 36646)

Five years back I had an opportunity to be in a function organised by Shri KDO Jain Mahajan, Kochi, wherein they were felicitating the KDO students of Kochi, who had passed successfully the examinations of either 10th or 12th standards or graduation or Post graduation or Chartered Accountancy etc. I was impressed by its uniqueness and innovative style in which the entire proceedings were conducted. Shri Kishorebhai Kuruwa, the President of the Kochi Mahajanshri, chaired the event and Shri Arvindbhai Dand, the Hon. Secretary of the Mahajanshri, was the Anchor.

I call this programme unique one because For almost 90 minutes the audience was spell bound and totally involved. There were continuous motivating rounds of claps. The students, who were honoured, replied enthusiastically and frankly all the searching and intelligent questions shot by the Anchor. The extempore answers reflected the clarity of mind of the students. The other interesting aspect was that the parents of students, who were called on the stage, were clear about their role and sense of satisfaction they derived from the achievements of their child. Their words of wisdom for all the youngsters were inspiring. The questions covered all aspects of studies, future goals, their guidance to the younger students and views on the education. There was a learning point in questions.

**Some of points mentioned by students:**

- One of the students said that **she compares her achievements with her own goals** and never compares her achievements with those of other people.
- Another student emphasized that Positive approach helps a lot because **Positive believing is an attitude of confidence** and that comes with preparation.
- One student confessed that in the prelims he scored less marks. But he motivated himself by reading motivational books and convincingly learnt that every success story is a story of great Failure. Henry Ford was broke at the age of 40. Iacocca was fired at the age of 54. Young Beethovan was told the he had no talent. Hrithik Roshan was stammering. Tendulkar didn’t pass 10th standard. Amitabh Bachhan was found to be not fit to be an actor.
- One of the parents emphasized to make a habit of doing the efforts now. Life is not a dress rehearsal. We have got only one shot at this game called Life. Its battles don’t always go to stronger or faster men, but to the persons **who believe that THEY CAN.**
- **While trying everything you miss something that is worth of everything.** So Focus on Studies and Exams.
- While preparing for the exam we often lose hope and think that this is the end. But if you are determined God smiles and says **“Relax Dear, it is just a bend, not the end.”**
- One of the best replies was given by a lady student. For success ask these four questions to yourself: Why? Why not? Why not me? Why not now? Difficulties in life don’t come to destroy, but to help you to realise the hidden potential. **The best day of our life is the one in which we decide that we alone are responsible for the quality of it.**

The students realised that theirs is a precious time which is slipping from their hands like the grains of sand.

In his address Shri Kishorebhai shared his experience of life and appealed to all the students that Life has no pause buttons! Dreams have no expiry date! Times have no Holiday! So, don’t waste a single moment in your life. Love it. Live it! And achieve your objectives of life. For that one has to remain a student all through the life and accepting failures and using them as stepping stones.

I am tempted to make following suggestions to make the function even more Unique:

1. Why honour only students who have climbed Everest and other high peaks. Subject to time constraint, why not think of motivating children who climb smaller peaks or hillocks of the junior classes in academics and other extracurricular activities. Their selection needs to be judicious.

2. Same logic applies for honouring senior achievers, ladies and gents, whichever may be the field in which they excel.

3. You may request the students to invite one or two teachers of their choice to be present and speak in the felicitation function. Teachers also feel honoured. Any appreciation of students before them has a great value. In the eyes of teachers and schools goodwill of the student and our community

will get enhanced.

4. Success has many fathers, failure is an orphan. Attempting a new social programme or activity and not achieving the desired results or failing in it, is equally credible and important. But, unfortunately, society or community rejects the failures both at social and individual levels. It is mocked at. Consequently, all want to just follow a beaten track for centuries and no new and innovative things are even thought of or attempted or ever undertaken. Play safe. Why invite a problem? Hence, there is no real progress at social activities and their modalities. So the same old practices continue to be followed and we feel elated and pat our own back for no good reasons. In the countries and societies which have progressed innovations, experiments of novel ideas at social and national levels were encouraged to be conceived and performed. Success rate may be 10%.

**આરોગ્ય પ્રકાશ :** પાના નં. ૧૨ થી ચાલુ

કેલશ્યમ હોવાથી તે એસિડ ને પેટમાં વધવા દેતું નથી. ૫) નાળિયેર પાણી પીવાથી એ એસિડ લેવલને આલ્કલાઇન બનાવે છે એનાથી મ્યુકસ ઉત્પન્ન થાય છે જે પેટની અંદરના આવરણને એસિડથી નુકશાન થતું બચાવે છે. નાળિયેરપાણી માં રેષાનું પ્રમાણ પુષ્કળ હોય છે જે પાચન સુધારે છે અને એસીડીટી ઉત્પન્ન થતી રોકે છે. ૬) જમ્યા પછી થોડો ગોળ ચુસવાથી એ પાચનમાં મદદ કરે છે અને પેટ આંતરડાને આલ્કલાઇન બનાવે છે જેનાથી એસીડીટી થતી નથી. ગોળમાં પુષ્કળ માત્રામાં મેગ્નેશ્યમ છે જે આંતરડાની શક્તિ વધારે છે. બરફના પાણીમાં ગોળનું શરબત પીવાથી પેટમાં ઠંડક થાય છે (ડાયાબીટીઝવાળાએ આ ગોળ શરબત ન પીવું) એસીડીટી વાળાએ ઉનાળામાં આ શરબત ખાસ પીવું. ૭) લવંગ અને એલચીનું પાવડર સપ્રમાણ મિક્સ કરી એક ચમચી લેવાથી એસીડીટીમાં રાહત થાય છે અને મોંની ખરાબ વાસ જે એસીડીટી સાથે હોય છે તે પણ દૂર થાય છે. ૮) કેળા (કુદરતી રીતે પકવેલા) ખાવાથી એસીડીટીમાં રાહત થાય છે. ૯) તુલસીના પાંચ પાન ધોઇને ચાવીને ખાવાથી રાહત મળે છે. ૧૦) સેકેલા જીરાનો પાવડર ૧ ચમચી પાણી સાથે લેવાથી પણ રાહત થાય છે. ૧૧) એક ચમચી વરીયાળી ચાવવાથી કે તેનું પાવડર લેવાથી પણ એસીડીટીમાં રાહત થાય છે. ૧૨) એક ગ્લાસમાં પાણી, જો ડાયાબીટીઝ ન હોય તો સાકર મેળવી તૈયાર રાખવું અને બીજા કોરા ગ્લાસમાં ૧ ચમચી Eno, ફ્રુટસોલ્ટ નાખી તે પીનારે હાથમાં લઇ તેમાં સાકરવાળું પાણી નાખી ઉભરતી ઉફાણ સાથે તરત જ પી લેવું આ પ્રયોગથી બહુ જ થોડી ક્ષણોમાં જ રાહત મળી જાય છે.

આ ઉપર દર્શાવેલ ઉપાય કર્યા પછી પણ રાહત ન મળે તો "Zintac" કે "Rantac" (150 mg) દિવસમાં બે વખત આ ગોળી લઇ શકાય. તેમજ "Gelusil/Digene" ગોળી એક થી બે ચૂસવાથી રાહત મળશે. પણ કાયમી એસીડીટી ન થાય તે માટે ખાવા-પીવામાં ધ્યાન રાખીએ, ટેન્શન તાણ રહીત જીવન જીવીએ, સાત કલાકની સારી ઉંઘ કરીએ, થોડા થોડા દુ:ખાવા માટે પેઇનકીલર લેવાનું ટાળીએ. બીડી, તમાકુ, દારૂ જેવા વ્યસનોથી દૂર રહીએ લાઇફસ્ટાઇલ એન્જ કરી એસીડીટીમાંથી કાયમ માટે છૂટકારો મેળવીએ.

**ખાસ નોંધ :** ઘણીવાર એસીડીટી જેવા લક્ષણો હોય છે પણ ખરેખર તે હાર્ટએટક હોય છે, માટે સાદા ઇલાજથી, દવા-ગોળીથી તકલીફમાં થોડો પણ ફાયદો ન લાગે એન જરાપણ શંકા હોય તો કાર્ડિયોગ્રામ કઢાવી હાર્ટએટક નથી તેની ખાતરી કરવી જરૂરી. એવા ઘણાય કિસ્સા બને છે જેમાં દરદી અને ડૉક્ટર બન્ને થાપ ખાઇ જાય છે અને ફક્ત એસીડીટી છે એમ માની તેનાજ ઇલાજ થાય છે અને જ્યારે તે હાર્ટની તકલીફ છે તે સમજાય ત્યારે મોડું થઇ ગયું હોય છે જે હૃદયને ખૂબ નુકસાન કરે છે અને અમુક કિસ્સામાં ઘાતક પણ બને છે.

**સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.**

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અંલકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. સમાચાર મોકલતી વખતે પોતાનું નામ તથા મોબાઈલ નં., ઈમેલ આયડી મોકલવા જેથી માહિતી અંગે સંપર્ક સાધી શકાય.

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
ESTD. 1984
H.O.: GB 10 A & 10 B, Karma Stambh, Opp. Kailash Complex, L.B.S. Marg, Vikroli (W), Mumbai-83.
**Inviting quotation for printing of Annual Report**
A4 Size 8 Colour Pages (including cover) on 250 gsm Art Paper , 32 B & W Pages - 80 gsm. Quantity : 500
Email ID : **ceo@arihantbank.com**

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.
સોમવાર બંધ

સમાચાર

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### ઘર બેઠા પરીક્ષા - OPEN BOOK EXAM

તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના સૂવર્ણ વરસીતપ પ્રસંગે પ્રકાશિત 'રત્નસંચય' પુસ્તક આધારિત Open Book Examનું આયોજન કરવામાં આવ્યું છે. વહેલા તે પહેલાના ધોરણે નીચેના સરનામેથી પુસ્તક-પ્રશ્નપત્ર-ઉત્તરપત્ર મેળવી લેવા વિનંતિ. રૂા. ૧૦૦/- ભરીને પોતાનું નામ લખાવી આજે જ પ્રવેશ મેળવી લો.

**પુસ્તક મેળવવાનું સરનામું :**

**૧) સુ.શ્રા. લતાબેન એલ. વીકમશી :** ૨/૩૯, અનંત નિવાસ, ૨૬૨/૭૦ નરશી નાથા સ્ટ્રીટ, ભાત બઝાર, મસ્જીદ બંદર, મુંબઇ-૪૦૦ ૦૦૯. મો.: 9323944117

**૨) અ.સૌ. મનીષાબેન એચ. ખોના :** ૧૦૬, અનંત છાયા, ૬૦ ફીટ રોડ, આર.બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. મો. : 9664798398

**૩) અ.સૌ. હીનાબેન આર. રણધીર :** બી-સ્વપ્નીલ સોસાયટી, જી.વી. સ્કીમ રોડ નં. ૨, મુલુંડ (ઇસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૧. મો.: 9920026527

### કેડીઓ સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી કલબ, મુંબઇ

કલબના ૧૬ સભ્યો ના ૧૪-૫-૨૦૧૮ થી ૧૮-૫-૨૦૧૮ના ૫ દિવસ પંચગીની, મહાબલેશ્વર, કાત્રજ, મંચરના પ્રવાસે ગયા હતા. માટુંગા થી તા. ૧૪મીની સવારે ૭ વાગે નીકળી. ઘાટકોપર, મુલુંડથી યાત્રીકોને તેંડી પંચગીની પહોંચી રાજલક્ષ્મી આરોગ્યધામમાં રોકાયા હતા. પાંચ દિવસ દરમ્યાન વિવિધ જોવા લાયક સ્થળોની મુલાકાત લીધી હતી.

આગામી પ્રવાસો ૨૮-૯-૨૦૧૮ થી ૩ દિવસના વડોદરા, મણીલક્ષ્મી તીર્થ, ખંભાત. બીજો યાત્રા પ્રવાસ ૩૦-૧૧-૧૮ થી ૩ દિવસ નાગેશ્વર, મ. પ્રદેશ પ્રવાસ. સંપર્ક રતિલાલભાઇ - 9833119477.

### સાંયરા ચેરીટેબલ ટ્રસ્ટ - સાંયરા

ટ્રસ્ટ તરફથી ભારતભરમાં વસતા સાંયરાવાસી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ફી નો ખર્ચ આપવામાં આવશે. અરજી ફોર્મ માટે સંપર્ક : સાંયરા ચેરીટેબલ ટ્રસ્ટ - ટ્રસ્ટી શ્રીમતી લીલાવતી વિ. મોમાયા, સીતા કુંજ, ૧ માળે, ૧૬૪ મહર્ષિ કર્વે રોડ, કૂપરેજ ટેલીફોન એક્સચેન્જની બાજુમાં, મુંબઇ-૪૦૦ ૦૨૧. ફોન નં. 22029061, 8080611005.

### ગોરખડી ખાતે વાછરાદાદાની ઉથાપનાવિધિ

સોરઠ દેશે ગોરખડી ગામે ૯-૭-૨૦૧૮ના વાછરાદાદાની ઉથાપનાવિધિ કરવામાં આવેલ. હવે નુતન મંદિર બનાવવામાં આવશે. દરબાર સમાજ, આયર સમાજ તેમજ ગોરખડી ગામના ભાઇઓ, સચીન ધરમશી, શૈલેન્દ્ર ખોના, પ્રકાશ લોડાયા, લક્ષ્મીચંદ લોડાયા, દિશેશ લોડાયા, રાજેશ દંડ હાજર રહ્યા હતા.

### સાંધવ ગામે ચાતુર્માસ પ્રવેશ

સાંધવ ગામે પૂ. સાધ્વીશ્રીજી પાવનગુણાશ્રીજી મ.સા. ચાર્તુમાસ પ્રવેશ ૨૧-૭-૨૦૧૮ના સવારના ૭ કલાકે રાખવામાં આવેલ છે. સર્વેને પધારવા ભાવભર્યું આમંત્રણ.

### ટ્રેનોમાં અટવાયેલા પ્રવાસીઓની સહાયતા

૧૦-૭-૨૦૧૮ના અમારી ટ્રેન પાલઘર પહોંચતા વરસાદના કારણે ઉભી શીખવામાં આવેલ પાલઘર રહેતા રહેવાસીઓને ખબર મળતા દરેક સમાજના ભાઇઓ તેમજ ક.વી.ઓ. જૈન સમાજના ભાઇઓ સવારના ચા-નાસ્તો તેમજ જમવાની વ્યવસ્થા કરેલ. બે ટ્રેનો માટે તેમજ છસરાના શ્રી જયેન્દ્રભાઈ ગડા પણ ચા-નાસ્તો બપોરની જમવાની વ્યવસ્થા તેમજ મુંબઇ પહોંચડવા માટે ગાડીઓની વ્યવસ્થા કરી આપેલ. વિરાર સ્ટેશન ઉપર ગુલાબભાઈ ધરમશી સાંધાણનાએ પણ સારી સેવા આપેલ.

### અમદાવાદના ૧૧૫ જિનાલયની પરિક્મા માટે રિક્ષા સેવા શરૂ કરાઇ

ભારતભરમાંથી આવતા જૈનો અને અન્ય મુસાફરો માટે શહેરની પોળોમાં આવેલા ૧૧૫ જેટલા જિનાલયોમાં દર્શન માટે ખાસ રિક્ષા સેવાનું આયોજન જિનાજ્ઞા યુવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેરની પોળમાં ભગવાન પાર્શ્વનાથના ૪ મૂળ સ્થાનક પણ આવેલા છે જેના સ્પર્શ પણ આ મહત્વના રૂટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

અમદાવાદની પોળોનો જૈન ઇતિહાસ અત્યંત રોચક છે. ત્યારે પોળોમાં વિશેષ જિનાલય અને ચમત્કારિક દેવી-દેવતાના દર્શન કરવા માટે દેશભરમાંથી મોટી સંખ્યામાં જૈન શ્રાવકો આવતા હોય છે. દેશભરમાં પથરાયેલા પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ જિનાલયો પૈકી ૪ જિનાલય અમદાવાદની પોળોમાં પણ છે. ત્યારે આ જૈન તેમજ અન્ય મુસાફરો જો પોળના ૧૧૫ જેટલા જિનાલયના દર્શન કરવા ઇચ્છતા હોય

તો તેમના માટે રિક્ષાનું એક વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે.

અત્યાર સુધીમાં અલગ અલગ જૈન શ્રાવકો દ્વારા અગાઉથી કરાવેલા બુકિંગને કારણે ૨૫૦થી વધારે રિક્ષાયાત્રાઓ થઇ છે. જેમાં જે સ્થળે શ્રાવકો રોકાયા હોય ત્યાંથી રિક્ષા દ્વારા તેમને રિસીવ કરી રિક્ષાચાલક જ તેમનો ગાઇડ બનીને તેમને અલગ અલગ જિનાલયોના દર્શન કરાવે છે.

અમદાવાદમાં પોળોમાં મણિભદ્ર - વીરદેવનું મંદિર - નાગોરીવાડ, ઘંટાકર્ણ મહાવિર મંદિર - રિલીફરોડ, ક્ષેત્રપાલદેવનું મંદિર - ચૌમુખજીની પોળ, કાકા સાહેબનો ગોખલો - કાળુશીની પોળ, ચકેશ્વરજી દેવીનું મંદિર- વાઘણપોળ, સરસ્વતી દેવીની દેરી - વાઘણપોળ, પદ્માવતી દેવીની દેરી - ભટ્ટીની પોળ સહિત અન્યોનો સમાવેશ થાય છે. આ પ્રાચિન મંદિરોની વિશેષતાઓ બાબતે પણ મુસાફરોને અવગત કરાવાય છે. અમદાવાદની પોળોમાં દેશભરમાંથી જૈનો જે પાંચ મૂળ પાર્શ્વનાથ જિનાલયોના દર્શને આવતા હોય છે. તેમાં રિલીફરોડ, પાંજરાપોળ ખાતે આવેલા મૂલેવા પાર્શ્વનાથ ભગવાન, દોશીવાડાની પોળમાં આવેલા સુખસાગર પાર્શ્વનાથ ભગવાન સીમંધરસ્વામી, શામળાજીની પોળમાં આવેલ શામળા પાર્શ્વનાથ ભગવાન અને કાળુશીની પોળમાં આવેલા હ્રીંકાર પાર્શ્વનાથ જિનાલય ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયનો સમાવેશ થાય છે.

### સી.ડી.ઓ. જૈન ઇંગ્લીશ મિડીયમ સ્કુલ, ગદગ

**નવી કારોબારી કમિટી :** પ્રમુખ - ડૉ. દિલીપ ખોના, માનદ મંત્રી - સુજીવ સોની, ઉપપ્રમુખ - વિજય લુઠીયા, સહમંત્રી - કલ્પેશ પટેલ, કારોબારી સદસ્ય - સુધીર સોની, પ્રીત ખોના, રાજેશ છેડા, વિપુલ લુઠીયા, ભરત છેડા, ગિરીશ નાગડા, પ્રણવ ખોના, દીપક ખોના, વિપીન મોતા, કમલેશ શાહ, દિમી લુઠીયા, સિમા શાહ, ગુંજન ગાલા, રાહુલ વીરા, ચંદુ પટેલ.

### ચતુર્થ સંમેલનની પૂર્વ તૈયારીનો વડોદરા ખાતેથી પ્રારંભ

શ્રી વડોદરા મહાજન દ્વારા ગુજરાતભરના વિવિધ મહાજનોના અધિકારીઓ સાથેની બેઠકનું આયોજન ૨૪-૦૬-૨૦૧૮ના કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ, વડોદરા, આણંદ આદિ મહાજનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સર્વ પ્રથમ શ્રી મુલચંદભાઈ મોતા, સમસ્ત મહાજનના પદાધિકારીઓ તથા વિવિધ મહાજનોના પદાધિકારીઓએ સાથે મળીને દીપ પ્રાગટ્ય કર્યું હતું. ત્યાર પછી મહાનુભાવોને ક્રમશ મંચસ્થ કરવામાં આવ્યા હતા.

નવકાર મંત્રના સ્મરણ બાદ શ્રી જયંભાઈ પટેલ એ કાર્યક્રમનું સુત્ર સંચાલન હાથ ધર્યું હતું અને શ્રી મુકેશભાઈએ નીશિથ દંડનો પરિચય કરાવ્યો હતો.

શ્રી નીશિથભાઈએ શ્રી સમસ્ત મહાજન તથા તેની કાર્યવાહીનો વિસ્તૃત પરિચય આપ્યો હતો. સમ્મેલનની વિસ્તૃત માહિતી આપવા તેમણે શ્રી રાજેન્દ્રભાઈ ખોનાને સંબોધન કરવા જણાવ્યું હતું. શ્રી રાજેન્દ્રભાઈએ સમ્મેલન એ એક એવું મંચ છે. જ્યાં સમાજ પોત પોતાના મંતવ્યો રજુ કરી શકે છે. તેમણે અગાઉ થતાં દેશ-મેળાની વાત સંભારી પુણ્યશ્લોકી શેઠશ્રી નરશી નાથા, શેઠશ્રી કેશવજી નાયકના સમયની યાદ અપાવી હતી.

સમ્મેલનના વરાયેલા પ્રમુખશ્રી મુલચંદભાઈ મોતા, પ્રાસંગિક સંબોધન કરી વડોદરા મહાજનનો આભાર માન્યો હતો. વડોદરા મહાજનના પ્રમુખશ્રી હિતેન્દ્રભાઈ મોતાએ વડોદરા મહાજન તરફથી દરેક પ્રકારનો સહયોગ મળી રહેવાની ખાત્રી આપી હતી. વિવિધ વક્તાઓ દ્વારા ઉદ્‌બોધન તથા પ્રશ્નોતરી સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. નરેન્દ્રભાઈ મોમાયાએ આભાર વિધિ કરેલ હતી.

### ગદગની મુલાકાતે શ્રી ક.દ.ઓ. સમસ્ત મહાજન તથા શ્રી નલીયા મહાજનના પદાધિકારીઓ

પ્રસ્તાવિત જ્ઞાતિ સંમેલન ૨૦૧૮નાં આયોજન વિષે માહિતી આપવા તથા સલાહ-સૂચનો મેળવવા સમસ્ત મહાજનશ્રીના સેક્રેટરી જનરલ શ્રી નિશિથ આણંદીલાલ દંડ તથા સભ્યો શ્રી પ્રવીણભાઇ લોડાયા, શ્રી કીર્તિભાઇ ધરમશી તથા નલીયા મહાજનનાં પ્રમુખશ્રી તથા પ્રસ્તાવિત જ્ઞાતિ-સંમેલનના પ્રમુખશ્રી મુલચંદભાઈ પદમશી મોતા ૨૬-૬-૨૦૧૮ના રોજ ગદગ પધારેલ. રાતનાં ૮.૩૦ વાગે ગદગ મહાજનશ્રી દ્વારા સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ. અતિથીઓનું સ્વાગત મહાજનશ્રીનાં પ્રમુખશ્રી દિપકભાઇ ખોના તથા સેક્રેટરી શ્રી વિપિનભાઇ મોતા દ્વારા કરવામાં આવેલ. જ્ઞાતિ સંમેલન શા માટે જરૂરી છે તથા અગાઉના ત્રણ જ્ઞાતિ સંમેલનોની ઉપયોગિતા તથા ફળશ્રુતિ વિષે શ્રી મૂલચંદ ભાઇએ વિસ્તૃત સમજ આપેલ. ગદગના જ્ઞાતિજનોએ પોતાને ઉદ્‌ભવેલા પ્રશ્નો રજુ કરેલ જેનો ખૂબ જ શાંતિથી અને સમાધાનકારી ઉત્તરો યુવાન જનરલ સેક્રેટરીશ્રી નિશિથભાઇએ આપેલ.

### નારી સશક્તિકરણ સમિતિની મિટિંગ

શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજન નારી સશક્તિકરણ સમિતિની પ્રથમ સભા શુક્રવાર ૬ જુલાઈ ૨૦૧૮ સવારના ૧૦ કલાકે VLVG ઘાટકોપરના કોન્ફરંસ હોલમાં યોજાઈ હતી. બહુ જ ઉત્સાહના વાતાવરણમાં મહિલા સભ્યો પુના, ગાંધીધામ, ઈન્દોર, વડોદરા, અમદાવાદ, મલકાપુર,

ખામગામ, બેંગલોર તેમજ મુંબઈથી પધાર્યા હતા. સેક્રેટરી જનરલ શ્રી નીશિથ દંડે સૌને આવકાર આપીને સમિતિના ગઠન બાબત વિગતવાર સમજણ આપી હતી. ત્રણ કલાક વિવિધ વિષય પર ચર્ચાઓ થઈ હતી અને નિર્ણય લેવાયા હતા.

**ક.દ.ઓ.જૈન મહાજન યુવા શક્તિ સમિતિની મિટિંગ**

આજની યુવાશક્તિ જે ભવિષ્યમાં જ્ઞાતિની નેતાગીરી સંભાળવાની છે. તેના સભ્યો બપોરના ૩ કલાકે VVLGમાં સભામાં પધાર્યા હતા. જ્ઞાતિના વધુ વસવાટવાળા શહેરો અને મુંબઈમાં રહેતા યુવાઓની રાષ્ટ્રીય સમિતિ બને તેની રજુઆત કરી હતી. યુવાઓ જ્ઞાતિની સામાજિક પ્રવૃત્તિઓમાં રસ લેતા થાય તે માટે યુવા ઍપ ચાલુ કરવાનું ઠરાવાયું હતું. કેરીયર સ્ટાર્ટઅપ તેમજ વ્યક્તિગત વિકાસ (ડેવલપમેન્ટ) માટે કમિટીઓ નીમાઈ હતી. યોગ્ય યુવાઓને નોકરી મેળવી શકાય તે માટે ૧-૯-૨૦૧૮ના 'જોબ ફેર' યોજવાનું નક્કી કરાયું. ધંધો ચાલુ કરવા (startup માટે) યંત્રણા ઊભી કરવા કમિટી નિમાઈ હતી. આગામી સભા ૪-૮-૨૦૧૮ યોજવાનું નક્કી થયું. જ્ઞાતિ સંમેલનના સમયે (૨૩ થી ૨૫ ડિસેં. ૨૦૧૮) દરમ્યાન જ્ઞાતિના યુવાઓ ભેગા થાય તેવું વિચારાયું હતું. Youth Fest ૨૦૧૮ યોજવા ગોઠવણ કરાઈ હતી.

**ક.દ.ઓ.જૈન મહાજન મેડિકલ એડવાઈઝરી સમિતિ**

સમસ્ત મહાજનની રાષ્ટ્રીય મેડિકલ એડવાઈઝરી સમિતિ સભા શનિવાર ૭-૭-૨૦૧૮ બપોરના ૨ કલાકે યોજાઈ હતી. પાંચ ડૉક્ટર સહિત રાયપુર, ગાંધીધામ, ઈન્દોર, ભૂજ, બાયઠ (કચ્છ) વલસાડ અને વડોદરાથી સભ્યો પધાર્યા હતા.

૧૦૦થી વધુ જ્ઞાતિની વસ્તીવાળા મહાજનોમાં મેડિકલ સહાયતા નિમવી અને એમને સહાય કરવાનું ઠરાવાયું હતું. કન્સેશનલ ભાવે સેવા પ્રદાન કરતા હૉસ્પિટલ સાથે સંપર્ક કરીને યંત્રણા ગોઠવવી. જ્ઞાતિજનોને સહાય કરવા ટ્રેનરનિમિને વર્કશોપ/સેમિનાર યોજવા. જ્ઞાતિના ડૉક્ટરોનો સંપર્ક સાધીને સહાય કરી શકે તેની વિગત મેળવવી અને તેમની ડાયરી બનાવવી. જ્ઞાતિમાં મેડિકલ ક્ષેત્રે સીંગલ વિન્ડો ઊભી થાય તે માટે પ્રયાસ કરવી. આ માટે એક સમિતિ નિમવામાં આવી હતી.


**ચલો કેરેલા ! દિવાળી માટે જલ્દી કરો !!!**

**વેકેશનમાં કેરેલા ટૂર ૨૦૧૮**

**ફ્લાવરીંગ ઈન મુનાર આફ્ટર ૧૨ વર્સ**

નિલાકુરંજી પુષ્પો મુન્નારમાં ૧૨ વર્ષમાં એક વાર જ ઓગસ્ટ થી ઓક્ટોબર ૨૦૧૮ માં ખીલે છે.

**મેહુલ બી. મેશેરી - હોલીડે પ્લાનર્સ**

એ.બી. સાલેમ રોડ, જ્યુ ટાઉન, કોચીન-૬૮૨૦૦૨, કેરલા.

**Mob.: 07736025429, 08129945429**

**E-mail: info@holidayplannersonline.com**

**• કોચીન • મુન્નાર • ઠેક્કડી • કુમારકોમ • એલ્લપી હાઉસબોટ • કોવાલમ • કન્યાકુમારી • ત્રિવેન્દ્રમ**


**પત્રવ્યવહારમાં PS નંબર જણાવવા વિનંતિ**

આપને મળતા 'પ્રકાશ સમીક્ષા'ના અંકના છેલ્લે પાને નીચેના જમણા ખુણામાં આપના સરનામાનું સ્ટીકર હોય છે તે ઉપર જે **PS** નંબર દર્શાવેલ છે તે અમારા રજીસ્ટરમાં આપનો કાયમી સંદર્ભ નંબર રહેશે. તેથી સરનામાં બદલ થવાની, અંક ન મળવાની અને જીવનચક્ર જેવી બાબતે પત્રવ્યવહાર કરતી વખતે ઉપરોક્ત સંદર્ભ નંબર અવશ્ય જણાવશો અન્યથા આપના પત્રના વિષયે ધ્યાન આપી શકાશે નહીં કે વિલંબ થશે તેની નોંધ લેવા વિનંતિ.

## પાસ થયા અભિનંદન



**ચી. અક્ષત રાજેશ છેડા**

(ઇન્દૌર)

**IIT ખડગપુર થી**

**M.Sc. Economics**

**Data Scientist :**

**Innovaccer Analytics**

**હોમિયોપેથિક મેડીકલ કેમ્પ**

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, તા. ૨૮-૦૭-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર તા. ૨૮-૦૭-૨૦૧૮ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૯-૦૭-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૪-૧૮ | ભાંડુપ | જીનાલી, કુંદન પંકજ માણેકજી મૈશેરી | મોટી સિંધોડી | પુત્રી |
| ૨૬-૦૪-૧૮ | ડોમ્બીવલી | મહેક, માલા ધર્મેશ સોમચંદ મોતા | રાપર ગઢવારી | પુત્રી |
| ૦૫-૦૫-૧૮ | ભાંડુપ | ધનિશા, કૃતિ અનિષ દિનેશ લોડાયા | વરંડી | પુત્રી |
| ૦૫-૦૫-૧૮ | જલગામ | ભૂવિ, જાસ્મીન કૌશલ લલિતભાઈ લાપસીયા | સુથરી | પુત્રી |
| ૦૫-૦૫-૧૮ | ભાંડુપ | ધનિષા, કૃતિ અનિશ દિનેશ કલ્યાણજી શાહ (લોડાયા) | મોટી વરંડી | પુત્રી |
| ૧૪-૦૬-૧૮ | મઝગામ | કૈશા, નેહા કરણ રોહિત ધુલ્લા | રંગપુર | પુત્રી |
| ૧૮-૦૬-૧૮ | માંડવી | માયરા, વિરાલી જીગર મૈશેરી | ગાંધીધામ | પુત્રી |
| ૦૩-૦૭-૧૮ | ભાંડુપ | સમાયા, નેહા નયન કિરીટ દામજી આણંદજી લોડાયા | બાંઢીયા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૭-૧૮ | ડોમ્બીવલી | કેવલ દિપક કુંવરજી મોતા | રાપર ગઢવારી | ૨૫ |
| | ડોમ્બીવલી | પૂર્વી અશોક લાલજી લોડાયા | વારાપધર | ૨૪ |
| ૧૪-૦૭-૧૮ | ડોમ્બીવલી | કેવલ અજય હિમતલાલ ખોના | રંગપુર | ૨૭ |
| | ગોરેગામ | પ્રિયંકા ભરત પાસુભાઈ નાગડા | રંગપુર | ૨૪ |
| ૧૪-૦૭-૧૮ | ડોમ્બીવલી | ભાવિન દિલીપકુમાર મેઘજી લોડાયા | વારાપધર | ૨૮ |
| | ભાંડુપ | કૃપા મહેન્દ્ર ગોવિંદજી મોમાયા | વારાપધર | ૨૩ |
| ૧૪-૦૭-૧૮ | મસ્જીદ બંદર | હેમ ભરત મુલજી લોડાયા | અરીખાણા | ૨૪ |
| | થાણા | અંજલી જયેશ ગુલાબચંદ ખોના | નલિયા | ૨૪ |
| ૧૪-૦૭-૧૮ | કોચીન | હાર્દિક બિરેન જયંતિલાલ શાહ (દંડ) | સુથરી | ૨૭ |
| | ગદગ | પ્રિયા ભરત શીવજી કારાણી | સુથરી | ૨૭ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૭-૧૮ | બોરીવલી | ગૌરવ રાજકુમાર ચંપાલાલ જાજૂ | અમલનેર | ૨૭ |
| | બોરીવલી | મહેક ધીરેન્દ્ર માણેકજી નાગડા | રંગપુર | ૨૬ |
| ૧૪-૦૭-૧૮ | ઘાટકોપર | યશકુમાર રમેશ પદમશી નાગડા | નલિયા | ૩૦ |
| | પુણે | મોનિકા પવનકુમાર રાજમલજી જૈન | અશોક નગર (એમ.પી.) | ૩૦ |
| ૧૪-૦૭-૧૮ | મુલુંડ | મિલન શરદ કલ્યાણજી મૈશેરી | માંડવી | ૩૫ |
| | અમદાવાદ | હીરલ મહેન્દ્રકુમાર મફતલાલ શાહ | વડવલી | ૩૬ |
| ૧૪-૦૭-૧૮ | વરલી | ચિંતન મહેશ ઉમરશી દેઢીયા | તલવણા | ૨૮ |
| | ચિંચવડ | ચાંદની વિજય મેઘજી ખોના | રંગપુર | ૨૭ |
| ૧૪-૦૭-૧૮ | વાપી | અનુપ જયેશ લક્ષ્મીકાંત મહેતા | ભુજ | ૩૨ |
| | ઘાટકોપર | નીલમ નરેન્દ્ર કુંવરજી ધરમશી | રંગપુર | ૩૦ |
| ૧૪-૦૭-૧૮ | મુલુંડ | ચિરાગ અતુલ બાબુલાલ શાહ | ખંભાત | ૨૬ |
| | મુલુંડ | હિમાંશી રાજેશ મણીલાલ દંડ | સેવક ભરૂડીયા | ૨૫ |
| ૧૪-૦૭-૧૮ | મુલુંડ | ગૌતમ વિનોદ ખીમજી મૈશેરી | માંડવી | ૩૯ |
| | ઘાટકોપર | જ્યોતિ પ્રવીણ ઉત્તમરાય મોતા | મોટી વરંડી | ૩૯ |
| ૧૪-૦૭-૧૮ | પેટલાદ | વિશાલ મુકેશભાઈ આનંદકુમાર ગાંધી | બાસોદ | ૨૬ |
| | અમદાવાદ | શ્વેતા કિર્તી ભારમલ નાગડા | કુવાપધર | ૨૪ |

### અંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૭-૧૮ | બેંગલોર | પ્રતિક શાંતિકુમાર દયારામચંદજી જૈન | બાડમેર | ૨૫ |
| | સેલમ | ચૈતાલી મનોજ ચંદ્રકાંત મુનવર (જીવાણી) | જખૌ | ૨૫ |

# શ્રદ્ધાંજલિ



**હૃદય અમારૂ રડી પડે છે, જોઈ તસ્વીર આપની**
**હૈયુ માનવા તૈયારનથી - કે હયાતી નથી આપની**
**શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખુટે છે**
**અંજલી આપતા હૈયુ તુટે છે**
**વારંવાર યાદ આવે છે આપની**

## અ.સૌ. ચંદ્રકલા ભરત મૈશેરી

જખૌ - ડોંબીવલી

જન્મ: ૨૪-૧૦-૧૯૫૦, સ્વર્ગવાસ: ૦૨-૦૭-૨૦૧૮

**આપના અપાર વાત્સલ્ય, અસીમ અમી દ્રષ્ટિ,**
**શ્રદ્ધા અને સમર્પણની અમૂલ્ય ભાવનાની**
**સ્મૃતિ-સુહાસ હંમેશા અમારા જીવનમાં વહેતી રહેશે**

જીવનસાથી: **ભરત ત્રિકમજી મૈશેરી**
પુત્ર-પુત્રવધુ: **અ.સૌ. હેમલ જીતેન મૈશેરી, અ.સૌ. સ્નેહા જીગર મૈશેરી**
નણંદ-નણંદોઈ: **અ.સૌ. કસ્તુરી જયેશ ભવાનજી નાગડા** (નલીયા - અમદાવાદ)
માતા-પિતા: **સ્વ. નવલબાઈ ટોકરશી ત્રિકમજી દંડ** (રાયધણજર)

**પરમાત્મા આપની વિરલ આત્માને મોક્ષગામી બનાવે એજ જિનેન્દ્ર ચરણે પ્રાર્થના સહ શ્રદ્ધા સુમન**

શોકાતુર પરિવાર: **સ્વ. હીરબાઈ ત્રિકમજી માણેકજી મૈશેરી** (જખૌ - ડોંબીવલી)

# ૫મી પુણ્યતિથિ



જન્મ : તા. ૧૧/૪/૧૯૫૮

વસમી વિદાય : તા. ૧૯/૭/૨૦૧૩

## સ્વ. અ.સૌ. જયાબેન લક્ષ્મીચંદ નરશી દંડ

(સાંઘવ - ભાંડુપ) કુકરેજા કોમ્પલેક્સ

*પિતા પુષ્પ સ્વરૂપ છે... માતા પાંખડી રૂપ,*
*સંતાનો એ પ્રેમના પ્રગટ સુગંધ સ્વરૂપ.*

*પાંપણ ઝુકેને તમને નમન થઈ જાય, મસ્તક ઝુકે વંદન થઈ જાય*
*એવી નજર ક્યાંથી લાવીએ, કે યાદ કરીએ આપના દર્શન થઈ જાય.*

*જેનું રૂપ અમારા સ્વરૂપમાં... જેનું વાત્સલ્ય અમારી આંખોમાં*
*જેના શબ્દો અમારા કર્ણ માં... જેનું હૈયું અમારી ધડકનમાં*
*જેની મતિ અમારી વૃતિમાં... જેની પ્રેરણા અમારા કાર્યોમાં*
*એવા આશિષો હંમેશા આપતા રહો એજ અભ્યર્થના..*

## માતુશ્રી લક્ષ્મીબાઈ નરશી ચત્રભોજ દંડ પરિવાર

**પતિ** : લક્ષ્મીચંદ નરશી ચત્રભોજ દંડ
**પુત્ર - પુત્રવધુ** : અ.સૌ. તોરલ તિલેશ દંડ
અ.સૌ. દર્શના મિતેશ દંડ
**પૌત્ર - પૌત્રી** : પરમ, ખુશી, કાયરા

**સાસુ - સસરા** : સ્વ. લક્ષ્મીબાઈ નરશી ચત્રભોજ દંડ
**માતા - પિતા** : સ્વ. રતનબેન ચત્રભોજ પદ્મશી માયા (જલગાંવ)
**વેવાઈ** : શા. ગુલાબભાઈ પદમશી મોતા (કુવાપધર-હૈદરાબાદ)
શા. સોમચંદભાઈ ભાણજી મૈશેરી (બાંઢીયા-અમદાવાદ)

❖ સૌજન્ય ❖

**LAXMI INCORPORATION • LAXMI INFOSYS**

114-115, Veena Industrial Estate, Opp. L.I.C., L.B.S. Marg, Vikhroli (W), Mumbai - 400 083.
E-mail : sales@laxmiinc.com

**Tilesh L. Dand - 98922 75206 • Mitesh L. Dand - 98927 57500**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (16-07-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001



# ઈતિહાસને ઝરૂખેથી ....

**નવદાયકા પહેલા જ્ઞાતિ અને જૈન સમાજમાં જાહેર પ્રશ્નોને નીડરપણે વાચા આપનાર અગ્રણી શ્રી ખીમજી હીરજી કાયાણીની પ્રશંસા કરતો લેખ તા. ૨૯-૦૫-૧૯૧૩ના બોમ્બે ક્રોનિકલ અખબારમાં છાપવામાં આવ્યો હતો.**

શ્રી ખીમજી હીરજી કાયાણી એ બોમ્બે સ્ટીમ નેવીગેશન કું. લિ. ની સ્ટીમરના મુસાફરો સાથેના અપમાનજનક વર્તનની ફરિયાદ કરી હતી. એ. સીંધી નામક સ્ટીમરના મુસાફરનો ખીમજી હીરજી કાયાણીની હિંમતને દાદ દેતો એક લેખ બોમ્બે ક્રોનિકલ વર્તમાન પત્રમાં ૨૯-૦૫-૧૯૧૩ના અંકમાં છપાયો હતો.

શ્રી સિંધી લખે છે, કે કચ્છ કાઠિયાવાડ ગુજરાત અને કોંકણના વતનીઓ એ બોમ્બે સ્ટીમ નેવીગેશન કું. ની સ્ટીમરમાં મુસાફરી કરતા હતા. શ્રી ખીમજી હીરજી કાયાણીએ બહુજ સભ્ય ભાષામાં પોતાની ફરિયાદમાં મુસાફરોની હાલાકીની રજુઆત કરી હતી માટે તેમનો આભાર માનવો જોઇએ.

શ્રી સિંધીએ કરાચી જવા પોતાના સહકુટુંબ સાથે આ સ્ટીમરની ટિકિટો કઢાવી હતી અને નિર્ધારિત દિવસે અને સમયે પોતાના ૮ કુટુંબીજનો સાથે બંદરે પંહોચી ગયા હતા. સ્ટીમરનો મુંબઇથી કરાંચી જવા માટે પ્રવાસ ૧૧.૦૦ વાગે શરૂ થવાનો હતો. પ્રવાસીઓની ધારણા હતી કે ટિકિટ લીધા બાદ તેમને સામાન સહિત સ્ટીમર ઉપર જવા આપવામાં આવશે પણ તેમ થયું નહી અને પ્રવાસીઓને જણાવવામાં આવ્યું કે સ્ટીમરમાં માલ સામાન ભરાયા બાદ જ અંદર જવા આપવામાં આવશે. સ્ટીમરમાં સામાન લાદવાનું કાર્ય સાંજના ૭.૩૦ પછી પણ ચાલુ હતું અને લગભગ ૪૦૦ પ્રવાસીઓ પોતાના સામાન સાથે ખુલ્લામાં બળબળતા તડકામાં વગર કોઇ રક્ષણે ઉભા હતા. બે જગ્યાએ તંબુ ઉભા કરવામાં આવ્યા હતા તે દર વખતની જેમ ભરાયેલાજ હતા. બંદર પાસે કોઇ શૌચાલયની પણ વ્યવસ્થા હતી નહીં તથા આસપાસમાં ખાણીપીણીની કોઇ દુકાન પણ નહીં હતી. આ ઉપરથી મુસાફરોની ખાસ કરીને મહિલાઓ અને બાળકોની દયાજનક પરિસ્થિતિનો ખ્યાલ આવશે.

સ્ટીમર કરાંચી ૧૦ કલાક મોડી પંહોચી અને મુસાફરોના સગાવહાલા અને મિત્રોને કલાકો સુધી ચિંતાજનક સ્થિતિમાં વાટ જોવી પડી. એક બાળક મુસાફરીની હાડમારીથી બહુજ બિમાર પડી ગયો હતો. મોડો પ્રવાસ શરૂ કરવાથી માંડીને મોડા પહોંચવા સુધી સ્ટીમર કંપનીએ મુસાફરોની કોઇ સારસંભાળ કે દરકાર લીધી નહીં. આ ઉપરાંત સ્ટીમરમાં વગરવિચાર્યે વધારે મુસાફરો લેવામાં આવ્યા હતા જે અસહ્ય હતું.


Mr. Khimji Hirji ... a leading cotton merchant of Bombay, who died on the 23rd instant. The late Mr. Kayani was a prominent member of the Jain community.

Bombay Chronicle - July 29, 1931

## શ્રી ખીમજી હીરજી કાયાણી

જન્મ : ઇ.સ. ૧૮૭૬, નિધન : ૨૩ જુલાઇ ૧૯૩૧

શ્રી ખીમજી હીરજી કાયાણીએ સત્તાધીશોને કરેલી આ ફરિયાદ તેમની જાગૃતી તથા ખૂમારી દર્શાવે છે. એક સો સાત વરસ પહેલાં મુસાફરો માટે અવાજ ઉઠાવી હિંમત દાખવનારા ક.દ.ઓ. શ્રી ખીમજીભાઈ માટે આપણે ગૌરવ અનુભવીએ છીએ. તેમના નિધનની સહતસ્વીર નોંધ બોમ્બે ક્રોનિકલના ૨૯ જુલાઇ ૧૯૩૧ના અંકમાં લેવાઇ છે. આવા પ્રખર સમાજસેવકની પુણ્યતિથી ૨૩મી જુલાઇના છે તે નિમિત્તે તેમને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ. - પ્રકાશ સમિક્ષા

માહિતી : શ્રી વીરચંદભાઇ કલ્યાણજી ધરમશી, નવી મુંબઈ, અનુવાદ : શ્રી ઉદયન શાહ, સહતંત્રી
પુરક માહિતી તથા ફોટોગ્રાફ સૌજન્ય : પ્રપૌત્ર શ્રી નિતીન ધનપતી કાયાણી

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,